Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : ૩૪ ● અંક : ૦૪
તા.૦૮-૦૨-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૪ મહા વદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૯ સૂર્યાસ્ત : ૦૬:૩૧

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૬.૩ | વડોદરા | ૧૮.૪ |
| અમદાવાદ | ૧૬.૦ | સુરત | ૨૦.૮ |
| ગાંધીનગર | ૧૪.૮ | નલિયા | ૧૧.૪ |

ચાંદી : ૩૯,૬૦૦ સોનું : ૩૧,૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# કોંગ્રેસ અમને લોકતંત્રના પાઠ ન ભણાવે : મોદી

## રાષ્ટ્રપતિના અભિભાષણ ઉપર આક્રમક જવાબ : કોંગ્રેસના શાસનકાળમાં એક પછી એક કૌભાંડો થયા હતા : સ્થિતિ સુધારવાના સતત પ્રયાસો થઈ રહ્યા છે : લોકશાહીમાં ખોટા આક્ષેપો કરવા જોઈએ નહીં

નવીદિલ્હી

રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અસલ અંદાજમાં દેખાયા હતા. વર્ષ ૨૦૧૪માં જે રીતે ચૂંટણી પ્રચારમાં આક્રમક નિવેદન કર્યા હતા તેવી જ રીતે આજે નિવેદન કરીને કોંગ્રેસ પાર્ટીની તમામ પોલ ખોલી હતી. મોદીએ કોંગ્રેસને એક એક આક્ષેપોના જવાબ આપીને કહ્યું હતું કે, અમે મેન ચેન્જર નહીં એમ ચેન્જર છે. તેમણે ઉમેર્યું હતું કે, કોંગ્રેસના મેન ચેન્જર અને જુના ભારતને આપી દો તેવા તમામ આક્ષેપોનો મોદીએ જવાબો આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસને જો ન્યુ



ઈન્ડિયા જોઈતુ નથી તો તેને ઈમરજન્સી અને કૌભાંડવાળુ ભારત જોઈએ છે. મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ આર વેંકટરામના પુસ્તકને ટાંકીને કહ્યું હતું કે, તેના બોફોર્સ કૌભાંડમાં કોંગ્રેસને કમિશન મળવાની વાત કહેવામાં આવી હતી. મોદીના આધાર પરક્રેડિટ લેવાના આરોપ પર કોંગ્રેસને જવાબ આપ્યા હતા અને કહ્યું હતું કે, આધાર અટલ બિહારી વાજપેયીનું વિઝન હતું. રાજ્યસભામાં ગુલામ નબી આઝાદને જવાબ આપતા વડાપ્રધાને કહ્યું હતું કે, આઝાદ કહી રહ્યા છે કે તેમને ન્યુ ઈન્ડિયા જોઈતું નથી જુનુ ભારત જોઈએ છીએ. અમને ગાંધીવાળુ ભારત જોઈએ છીએ. મોદીએ કહ્યું હતું કે, તેમને પણ ગાંધીવાળુ ભારત જોઈએ છીએ. કારણ કે, સ્વતંત્રતા મળી ચુકી છે. હવે કોંગ્રેસની કોઈ જરૂર નથી. કોંગ્રેસ મુક્ત ભારતનો વિચાર ગાંધીજીનો હતો. અમે તેમના માર્ગ ઉપર આગળ વધવાના પ્રયાસ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, કોંગ્રેસના લોકો કહે છે કે, તેમને સેનામાં કૌભાંડવાળું ભારત જોઈએ છીએ. સબમરીન કૌભાંડવાળુ ભારત જોઈએ છીએ. બોફોર્સ કૌભાંડવાળુ ભારત જોઈએ છીએ.

## વિચાર વૈભવ...

### નીલકમલ

જર્મની દેશનો એક રાજા થઈ ગયો. નામ તેનું જ્યોર્જ જોસેફ...

જ્યોર્જ જોસેફ પ્રજાપ્રેમી હતો. પ્રજાનું પૂરેપુરૂં ધ્યાન રાખતો. વેશપલટો કરીને પણ તેઓ પોતાના રાજ્યમાં ફરતાં અને પ્રજાની સાર સંભાળ લેતા. તેમનાં જીવનનું ધ્યાન રાખતા.

એક વખત એવી જ રીતે તેઓ વેશપલટો કરી પોતાના રાજ્યમાં ફરી રહ્યા હતા.

અને એક નાનકડી ગલીમાંથી જોસેફ પસાર થઈ રહ્યા હતા.

ત્યારે એક મેલાઘેલા કપડાં પહેરેલા એક ઘેલા માણસે તેમને રસ્તામાં રોક્યા અને હાથ જોડીને આજીજીભર્યા સ્વરે કહ્યુંઃ 'અરે ભાઈ, તમે તને થોડી મદદ કરોને. મારી મા ખૂબ જ બીમાર છે. તેમની બીમારી રોજેરોજ વધતી જ જાય છે. મેં એમની ખૂબ જ સારવાર કરાવી, પણ પરિણામ શૂન્યમાં જ આવે છે. મારૂં બધું જ ધન મેં મારી માની દવામાં ખર્ચી નાંખ્યું છે. હવે મારી પાસે એક ફૂટી કોડી પણ નથી. હું સમજું છુ. કે ધન ન હોવાના કારણે વ્યવસ્થિત સારવાર પણ થતી નથી. પણ તેમાં હું શું કરી શકું? મારી પાસે ધન હોય તો બધું જ કરી શકત.. પણ હું રહ્યો નિર્ધન! ધન વિનાનો.. સાધન વિનાનો... કૃપા કરીને તમે મને ધનની સહાય કરી શકશો? હું મારી માની દવા કરાવવા ઈચ્છું છું. દવા વિના મારી માનું શરીર હાડપિંજર જેવું થઈ ગયું છે. કૃપા કરો અને મને મદદ કરો.'

યુવાનની કાકલૂદી સાંભળી જોસેફે તેને સાંત્વના સ્વરૂપે થોડીક રકમ આપતાં કહ્યુંઃ 'જા, તું ડૉક્ટરને બોલાવી લાવ અને મને તારૂં સરનામું પણ આપતો જા. હું તને વધુ મદદ કરવાનો પ્રયત્ન કરીશ.'

રકમ હાથમાં લઈને યુવક ડૉક્ટરને બોલાવવા ગયો.

અને આ બાજુ જ્યોર્જ જોસેફ પહોંચ્યો તે યુવકના ઘરે..

તૂટેલ ઝૂંપડી, ફુટેલ ખાટલી અને ત્યાં સૂતા હતા એક વૃદ્ધ માતાજી.. સાવ હાડપિંજર જેવું થઈ ગયેલું શરીર..

જોસેફે પોતાની જાતને ડૉક્ટર તરીકે ઓળખાવી. રોગની વાત કરતાં તેમણે પૂછ્યુંઃ 'તમને શાની ચિંતા છે?' ત્યારે વૃદ્ધાની આંખે ઝળહળિયા આવી ગયા.

ભીની આંખે અને રડમસ ચહેરે વૃદ્ધા બોલ્યાંઃ 'બેટા! પહેલા મારા પતિ જીવતા હતા ત્યારે તેમની આવકથી ઘર ચાલતું હતું. પણ થોડા સમય પહેલાં તેઓ પરલોક સીધાવી ગયા છે. તેથી મને રોજ ચિંતા સતાવ્યા કરે છે કે મારા પછી મારા આ નાના- નાના અનાથ બાળકોનું શું થશે?'

પોતાની જાતને ડૉક્ટર તરી-કે ઓળખાવનારા જર્મનીના રાજા જ્યોર્જ જોસેફે એક પરચી કંઈક લખીને વૃદ્ધાના હાથમાં મૂકી અને કહ્યુંઃ 'તમારો દીકરો ઘરે આવે, ત્યારે તેને આ પરચી આપી દેજો. તેમાં મેં તમારી બીમારીની દવા લખી છે.'

આટલું કહીને છુપાવેશે આવેલા જ્યોર્જ જોસેફ ઝડપી પગલે આગળ વધી ગયા.

આ બાજુ યુવક ડૉક્ટરને બોલાવી ઘરે આવ્યો.

યુવકે માને કહ્યુંઃ 'મા, હું ડૉક્ટર બોલાવી આવ્યો.'

ત્યારે માએ કહ્યુંઃ 'બેટા, હમણાં એક ડૉક્ટર આવી ગયા.'

પોતાના હાથમાં રહેલી પરચી-ચિટ્ઠી દીકરાના હાથમાં આપતા માએ આગળ કહ્યુંઃ 'તેમણે આ પરચી આપી છે અને કહ્યું હતું કે આમાં બીમારીની દવા છે.'

દીકરાએ પરચી વાંચ્યા વિના સીધી ડૉક્ટરના હાથમાં મૂકી.

ડૉક્ટરે ચિટ્ઠી વાંચીને અને પછી કહ્યુંઃ 'માતાજી! તમારે ત્યાં હમણાં જે ડૉક્ટર આવ્યા હતા તે તો બહુ મોટા ડૉક્ટર હતા. આપણા રાજ્યના રાજા જ્યોર્જ જોસેફ ખુદ પોતે અહીં આવ્યા હતા. તેઓ આ ચિટ્ઠીમાં તમારો સ્થાયી ઈલાજ લખી ગયા છે.'

'શું લખ્યું છે આમાં' વૃદ્ધાએ પૂછ્યું.

ડૉક્ટરે પરચી વાંચી સંભળાવી. સમ્રાટ જ્યોર્જ જોસેફે ચિટ્ઠીમાં લખ્યું હતુંઃ 'વૃદ્ધા અને એના પરિવારને રાજકોશમાંથી નિયમિત રીતે ધન આપવાની વ્યવસ્થા કરવામાં આવે.'

લિ.જ્યોર્જ જોસેફ..

ચિટ્ઠીનું લખાણ સાંભળતાં જ વૃદ્ધા અને યુવકની આંખો પોતાના સમ્રાટ પ્રત્યે નમી ગઈ. આંસુથી નમ થઈ ગઈ.

-પં.રાજહંસવિજયજી ગણિ

## આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ જાહેર

# રેપો-રિવર્સ રેપોરેટ, CRRને યથાવત રાખવાનો નિર્ણય

### માર્જિન સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ ૬.૨૫ ટકા અને બેંક રેટ ૬.૨૫ ટકા જાળવી રખા છે : ગ્રામીણ ક્ષેત્ર માટે બજેટમાં કરાયેલી ફાળવણી સારુ પગલું

મુંબઈ

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી જેમાં ધારણા પ્રમાણે જ ટૂંકાગાળાના ધિરાણદર અથવા તો રેપોરેટને યથાવત છ ટકા જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં મોનિટરી પોલિસી કમિટિએ રિવર્સ રેપોરેટ, બેંક રેટ, સીઆરઆરને યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. એમએસએફ અને બેંક રેટ પણ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યા છે. મોંઘવારી વધવાના છ કારણ પણ આજે દર્શાવવામાં આવ્યા હતા. તમામ ચાવીરુપ રેટ યથાવત રાખવામાં આવ્યા છે. બજેટમાં ગ્રામિણ ક્ષેત્ર માટે લેવામાં આવેલા પગલા અને ફાળવણી સારા સંકેત હોવાની વાત આમા કરવામાં આવી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, ધારણા પ્રમાણે જ આજની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યા હતા. તેની ડિસેમ્બર સમિક્ષામાં એમપીસીએ કેશ રિઝર્વ રેશિયો અથવા તો સીઆરઆરને યથાવત ચાર ટકા અને રિવર્સ રેપોરેટને પણ યથાવત ૫.૭૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

# જીએસટી, ઈ-વે બિલ પર પોસ્ટ બજેટ સેમિનાર

### ઉદ્યોગમાં ઈ-વે બિલ અમલ મુદ્દે કેન્દ્ર સરકાર નિર્ણય કરશે

અમદાવાદ

ગુજરાત સરકારના ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ(જીએસટી) ડિપાર્ટમેન્ટ દ્વારા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના સંયુક્ત ઉપક્રમે આજે જીએસટી અને ઈ-વે બીલ વિષય પર બહુ મહત્વના પોસ્ટ બજેટ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાનપદેથી કમિશનર ઓફ સ્ટેટ ટેકસ, ગુજરાત ડો.પી.ડી.વાઘેલાએ ઉપસ્થિત વેપાર-ઉદ્યોગજગતના અગ્રણીઓને સંબોધન કરી બહુ ઉપયોગી જાણકારી અને માર્ગદર્શન પૂરું પાડયું હતું. ડો.પી.ડી.વાઘેલાએ વેપારીઓ, ઉદ્યોગકારોને જીએસટી અને ઈ-વે બીલને લઈ હૈયાધારણ આપી હતી કે, તેમાં જે કોઈ કચાશ કે સમસ્યા બાકી રહી ગયા છે, તે નજીકના ભવિષ્યમાં જ નિરાકરણ થઈ જશે. જીએસટી પણ ત્રણ ચાર-મહિનામાં સરળ થઈ જાય તેવું આયોજન ચાલી રહ્યું છે. ખાસ કરીને જીએસટી રિટર્ન હજુ વધુ સરળ બનાવાશે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, વેપાર-ઉદ્યોગમાં ઈન્ટરસ્ટેટમાં માલની ખરીદ કે લે-વેચ પર ઈ-વે બીલની જે સીસ્ટમ લાગુ કરવાની વાત ચાલી રહી છે, તેમાં ગુજરાત સરકારે તા.૨૦મી ફેબ્રુઆરીની તારીખ નક્કી કરી છે પરંતુ જીએસટી ઈમ્પ્લીમેન્ટેશન કમીટીએ તેને સસ્પેન્ડ રાખતાં હવે આખરી નિર્ણય કેન્દ્ર સરકાર જ લેશે. ઈ-વે બીલને લઈ પ્રવર્તતી અનિશ્ચિતતા અંગે કમિશનર ઓફ સ્ટેટ ટેક્સ ડો.પી.ડી.વાઘેલાએ સ્પષ્ટ કરી દીધું હતું કે, ઈ-વે બીલ કયારથી લાગુ કરવું તે કેન્દ્ર સરકાર જ નક્કી કરશે અને ત્યારથી તેનો અમલ થશે.

## પોલિસી સમીક્ષાની વચ્ચે વધુ ૧૧૩ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ

શેરબજારમાં છેલ્લા કેટલાક દિવસથી જારી મંદી આજે પણ યથાવત રીતે રહેતા અંતે નિરાશા હાથ લાગી હતી. વૈશ્વિક બજારોમાં સ્થિતી સુધરતા તેની અસર ભારતીય બજાર પર જોવા મળી હતી. સવારમાં બજારમાં રિક્વરી જોવા મળી હતી. સેંસેક્સ અને નિફટી બન્નેમાં રિક્વરી થઈ હતી. જો કે આરબીઆઈની પોલીસી સમીક્ષા જારી કરવામાં આવ્યા બાદ કારોબારના અંતે તેમાં ફરી નિરાશા જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૧૧૩ પોઈન્ટ ઘટીને ૩૪૦૮૩ની સપાટી પર રહ્યો હતો.

# રાજયમાં લઘુત્તમ તાપમાન બે ડિગ્રી સુધી ઘટે તેવા એંધાણ

અમદાવાદ

અમદાવાદ શહેર સહિત રાજ્યમાં આગામી બે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સુધીનો ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આનો મતલબ એ થયો કે ઠંડીનો ચમકારો ફરી એકવાર જોવા મળી શકે છે. લઘુત્તમ તાપમાનમાં ફેરફાર સ્થિતિ હાલ જોવા મળી રહી છે. આજે અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪.૮ ડિગ્રી, અમરેલીમાં ૧૬.૧ ડિગ્રી રહ્યું હતું જ્યારે નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૧.૪ ડિગ્રી નોંધાયું હતું. પંજાબ અને આસપાસના વિસ્તારોમાં વેસ્ટર્ન ડિસ્ટર બર્ન્સની સ્થિતીના કારણે સાયક્લોનિક સર્ક્યુલેશનની સ્થિતી હાલમાં સર્જાઈ હતી જેથી અમદાવાદ સહિત રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદી છાંટા પડ્યા હતા. જો કે, હવે ફરી એકવાર તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. બેવડી સિઝનના કારણે લોકો પરેશાન થયેલા છે. હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં હવે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. ઠંડી અને ગરમીનું પ્રમાણ હોવાના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદ સહિત રાજયભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે.

# બનાસકાંઠા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપ - કોંગ્રેસના સત્તાના દાવા

### જિ.પં.ની ૬૬ અને તા.પં.ની ૩૫૦ બેઠકો માટે ચૂંટણી યોજાશે

ડીસા

બનાસકાંઠા જિલ્લા પંચાયત અને ૧૪ તાલુકા પંચાયતની ચૂંટણી માટેના ઉમેદવારીપત્ર ભરવાનું ચાલુ છે ત્યારે બન્ને પક્ષના ઉમેદવાર ફોર્મ ભર્યા બાદ જીતનો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે. હાલ ઉમેદવારો પોતાના સમર્થકો સાથે ઉમેદવારી પત્ર ભરાવવા મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા. બનાસકાંઠા જિલ્લા પંચાયત છેલ્લા દસ વર્ષ થી વિવાદિત જિલ્લા પંચાયત રહી છે. બનાસકાંઠાની જિલ્લા પંચાયતના ઈતિહાસમાં ક્યારે ભાજપએ બહુમતી મેળવી નથી પરંતુ છેલ્લા બે ટર્મથી બહુમતી ન હોવા છતાં સત્તા પર ભાજપ આવે છે કોંગ્રેસના ચૂંટાયેલા ઉમદેવારોને યેનકેન પ્રકારે ભાજપમાં લાવીને આખરે સત્તા ભાજપ હાંસલ કરી દે છે ગત ટર્મની વાત કરીએ તો ભાજપ



ભરત સુંદેશા

પાસે ૨૬ સદસ્યો હતા જ્યારે કોંગ્રેસ પાસે ૨૯ સદસ્યો હતા પરંતુ ભાજપ એ કોંગ્રેસના ચાર સદસ્યોને ભાજપમાં લાવી દેતા જિલ્લા પંચાયતમાં પ્રમુખ અને સત્તા ભાજપએ હાંસલ કરી દીધી હતી જોકે બાદમાં સસ્પેન્ડ સભ્યોની પેટા ચૂંટણી બસ ભાજપ પાસે ૨૮ અને કોંગ્રેસ પાસે ૨૭ સભ્યોનું સખ્યાંબળ થઈ જતા પાંચ વર્ષ ભાજપ સત્તા પર રહી ત્યારે હાલ નવા સમીકરણો મુજબ સભ્યોની સખ્યાં ૬૬ થવા પામી છે અને તાલુકા પંચાયતમાં ૧૪ તાલુકા પંચાયત માં ૩૫૦ બેઠકો માટે હવે ચૂંટણી યોજાનાર છે ત્યારે ફરી ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી જીતની આશા સેવી રહ્યા છે તો ગત ચૂંટણીમાં કોંગ્રેસ માંથી ચૂંટાયા બાદ ભાજપ માં બેસી જનાર ચમનજી ઠાકોર આ વખતે ભાજપમાંથી ઉમેદવારી નોંધાવી છે અને ભાજપ સાથે રહેવાની ખાતરી આપી રહ્યા છે. ઉમેદવારો પોતાની જીત ના દાવા કરી રહ્યા છે ત્યારે કોંગ્રેસ પણ આ વખતે પક્ષ પલ્ટો નહિ કરે તેવા ઉમદેવારો મેં ટીકીટ આપી રહ્યા છે સાથે હાલ જિલ્લા માં નવ વિધાનસભાની

અનુસંધાન પાના નં.૬

### જિ.પં. માટે ૧૫૪ અને તા.પં. માટે ૧૧૭૦ ઉમેદવારો

બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં ગતએક દિવસ માં જિલ્લા પંચાયત ની ૬૬ બેઠક માટે ૧૫૪ ઉમેદવારો એ ઉમેદવારીપત્ર ભર્યા છે જ્યારે ૧૪ તાલુકા પંચાયત ની ૩૫૦ બેઠક માટે ૧૧૭૦ ઉમેદવારો એ પોતાની ઉમેદવારીપત્ર ભર્યા હતા.આમ એક જ દિવસ ના આંકડા સાક્ષી પુરે છે કે ક્યાંક પક્ષ ની ટીકીટ ન મળતા નારાજ લોકો એ પોતાની ઉમેદવારી અપક્ષ માં ભરી ને પણ ચૂંટણી લડવા ઈચ્છિ રહ્યા છે જોકે ઉમેદવારી પત્ર ભરવાનું આવતી કાલે છેલ્લો દિવસ છે..

# મોદીના પત્ની જશોદાબહેનનો રાજસ્થાનમાં અકસ્માત, માથા પર ગંભીર ઈજા

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પત્ની જશોદા બહેનનો આજે રાજસ્થાનના ચિતોડ ખાતે અકસ્માત થયો છે. વાહન અકસ્માતમાં તેમને માથાના ભાગે ઈજાઓ થઈ હોવાના અહેવાલ મળી રહ્યા છે. સાથે જ એવી પણ માહિતી મળી રહી છે કે આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે જોકે તે બાબત પર હજુ સુધી સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ શકી નથી.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પત્ની જશોદાબહેન એક શિક્ષિ-કા છે તેઓ રાજસ્થાન ખાતે એક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે ગયા હતા અને ઈન્નોવા કારમાં પરત ગુજરાત આવી રહ્યા હતા. આ દરમ્યાન રાજસ્થાનના કોટ્ટા-ચિત્તોડ હાઈવે પર એક માર્ગ અકસ્માત તેમની કારને નડ્યો હોવાના અહેવાલ છે. તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ આ અકસ્માત દરમ્યાન થઈ છે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

નર્સ જોઈએ છે
અનુભવી નર્સ જોઈએ છે
-: કોન્ટેક :-
મો. ૯૮૨૫૯ ૭૮૮૦૩
જ્યોતિ મેટરનેટી હોસ્પિટલ, પેટ્રોલ પંપની સામે,
રેલ્વે સ્ટેશન રોડ, ધાનેરા

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથી નિમિત્તે શ્રધ્ધાંજલિ



સ્વ. મફતલાલ જગમાલજી પુરોહિત
સ્વ.તા. ૦૮-૦૨-૨૦૧૬
જીવન એવું જીવી ગયા કે મૃત્યુ અમર થઈ ગયું, વિદાય એવી લીધી કે મૃત્યુ પણ રડી પડયું, તમે અમારાથી વિદાય એવી લીધી કે મન હજુ માનવા તૈયાર નથી. છલકાઈ જાય આંખ અમારી જોઈ તસ્વીર તમારી, દિવસો વિત્યા છતાં આંસું સુકાતા નથી. વર્ષોના સંગાથ અને ચહેરો ભુલાતો નથી, ઈશ્વર દિવંગત આત્માને ચિર શાંતિ આપે એજ પ્રાર્થના...
લિ.
અશોકકુમાર મફતલાલ
(કાપડના વહેપારી, પાલનપુર)
સત્યનામ કન્સ્ટ્રક્શન, મુંબઈ

સૂર્યોદય - ૭.૧૯ સૂર્યાસ્ત - ૬.૩૧

## તિથિદર્શન

મહા વદ-૮ ગુરૂવાર ૨૦૭૪

| | | |
|---|---|---|
| ૧૦ | ૧૦ સુ.લ.બુ. શુ.કે. | ૯ |
| ૧૨ | | ૮ મં. |
| ૧ | | ચં.૭ ગુ. |
| ૨ | ૪ રા. | ૬ |
| ૩ | | ૫ |

વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ મહા વદ :આઠમ ગુરૂવાર નક્ષત્રઃ વિશાખા બપોરે ૨.૧૯ પછી અનુરાધા યોગ : વૃદ્ધિ કરણ :તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) સવારે ૭.૪૭ પછી વૃશ્ચિક (ન.ય.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### આર્તા દેવાન્નમસ્યન્તિ તપઃ કુર્વન્તિ રોગિણઃ નિર્ધના દાનમિચ્છન્તિ વૃદ્ધાનારી પતિવ્રતા

'અગ્નિ જ્યારે વન બાળતો હોય, વડવાનલ જેવો સશક્ત હોય ત્યારે પાવન પણ તેને મદદરૂપ બની જઈ અગ્નિને ફેલાવામાં મદદરૂપ થાય છે, એ જ અગ્નિ જ્યારે નાના દીવા સ્વરૂપે હોય છે ત્યારે એ જ પવન (તેનો મિત્ર) તેને હોલવી નાખવા માટે પ્રયત્નશીલ હોય છે- ખરેખર દૂબળા- નબળા લોકોની સાથે મૈત્રી કોણ રાખે?' સંસાર-વ્યવહારમાં 'સ્વાર્થ'નું ચલણ અતિશય છે, કોઈપણ સગાં- સ્નેહી- મિત્રો પોતાનું 'હિત' સુરક્ષિત રાખીને કે માપીને સંબંધોનું સેવન કરે, સાચવે- મૈત્રી- રાખે- સ્મિત સાથે સ્નેહનો છલકાટ કરે- મદદરૂપ છે એવો બાહ્ય દેખાવ કરી આપણા 'માનસપટ' પર એવું ચિત્ર ઉપસાવવા પ્રયત્ન કરે કે એ જાણે આપણા પ્રથમ સગા જ ન હોય? સત્તા, પદ, સમૃદ્ધિનો એવો મધપૂડો છે જ્યાં આવી અનેક માખીઓ આવીને ચોંટી જાય છે અને મધપૂડાને ખોખલો કરીને જ છોડી જાય છે. (ટેકનિકલી આ સાચું નહીં હોય! પણ સમજાવા માટે છે.) અધિકારીઓ- પ્રધાનોને પહેલાં સચિવો હા જી હા કરી 'દુષ્કૃષ્યો' કેમ કરવાં એની સલાહ- સમજ સાથે મદદરૂપ બનતા હોય છે પણ જ્યોર જેલમાં જવાનો વખત આવે ત્યારે તેમની જ વિરૂદ્ધની નોંધો- આદેશોના પુરાવા પણ એ લોકો જ 'પ્રોવાઈડ' કરતા હોય છે. અહીં સ્વાર્થી- લુચ્ચા- મિત્ર પવનનો દાખલો આપી દાવાનળ અને દીવા દ્વારા આ વાત સમજાવી છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) પ્રવાસ-પર્યટન થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.**
**વૃષભ : (બ.વ.ઉ.) મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થ જીવનમાં ચકમક ઝરે.**
**મિથુન : (ક.છ.ઘ.) ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઇ જાય.**
**કર્ક : (ડ.હ.) અગત્યના કાર્યોમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.**
**સિંહ : (મ.ટ.) સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક મહત્વના પ્રશ્નોનો ઉકેલ મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.) પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.**
**તુલા : (ર.ત.) પુરૂષાર્થ વધારવાથી કાર્ય સફળતા મળે. અકારણ ચિંતા રહે.**
**વૃશ્ચિક : (ન.ય.) વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.**
**ધન : (ભ.ફ.ધ.) પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.**
**મકર : (ખ.જ.) સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.**
**કુંભ : (ગ.શ.સ.) આવક કરતા જાવક વિશેષ રહે. મનમાં મુંઝવણ અનુભવાય.**
**મીન : (દ.ચ.જ.થ.) આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા મળે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ભારતના રાષ્ટ્રપતિ તરીકે જ નહિ, પરંતુ અગ્રીમ કેળવણીકાર , ઉમદા દેશભકત તરીકે આતંરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ડો. ઝાકીર હુસેનનો જન્મ દિવસ છે. એમનો જન્મ તા. ૮-૨-૧૮૯૭ ના રોજ હૈદ્રાબાદમા થયો હતો. દિલ્હીની જામિયા-મિલિયા સંસ્થાના આદ્યસ્થાપક, સુત્રધાર અને પ્રણેતા ડો. ઝાકીર હુસેનની ભારતના શિક્ષણક્ષેત્રે પણ નોંધપાત્ર સેવાઓ છે. તેઓ ૧૯૫૨માં રાજયસભાના સભ્ય તરીકે નિયુક્ત કરાયેલા. ડો.હુસેન ૧૯૬૨માં ભારતના ઉપરાષ્ટ્રપતિ અને ૧૯૬૭ માં ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા.

આ મહાન રાષ્ટ્રભકતનું તા. ૩-૫-૧૯૬૯ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૦૮.૦૨.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નવી તેજી સંદર્ભે નિફ્ટી ફ્યુચર ૧૦૫૩૩ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ....!!!**

**તા. ૦૭.૦૨.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૪૫૧ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૩૭૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૩૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૪૭૪ પોઈન્ટ થી ૧૦૫૦૫ પોઈન્ટ, ૧૦૫૩૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૫૩૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૭.૦૨.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૬૩૦ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૫૩૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૪૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૫૭૦૭ પોઈન્ટ થી ૨૫૭૭૦ પોઈન્ટ, ૨૫૮૦૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**સીએટ લિમિટેડ (૧૫૨૧) :- ઓટો ટાયર ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૪૯૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૪૭૩ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૫૩૭ થી રૂ.૧૫૫૦નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૫૫૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**તાતા કેમિકલ (૬૭૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૬૭૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૬૬૦ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૬૮૮ થી રૂ.૬૯૬નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ઓરબિન્દો ફાર્મા (૬૧૪) :- રૂ.૬૦૩ નો પ્રથમ તેમજ રૂ.૫૯૦ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૬૩૩ થી રૂ.૬૪૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**રિલાયન્સ ઇન્ફ્રા (૪૩૧) :- ઇન્ફ્રાસ્ટ્રકચર સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૪૪૪ થી રૂ.૪૫૦ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૪૧૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**તાતા મોટર્સ (૩૭૮) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૬૩ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઓટો સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૮૮ થી રૂ.૩૯૩આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**અજંતા ફાર્મા (૧૩૨૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૩૫૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૦૭ થી રૂ.૧૨૯૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૩૭૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રામકો સિમેન્ટ (૭૧૬) :- રૂ.૭૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૭૪૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૭૦૩ થી રૂ.૬૯૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૭૫૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**સન ફાર્મા (૫૪૮) :- ફાર્મા સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૫૬૬ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૪૦ થી રૂ.૫૩૩ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**હિન્દ પેટ્રો (૩૮૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ સ્ટોક રૂ.૩૯૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૩૮૦ થી રૂ.૩૭૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૪૦૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**JSW સ્ટીલ (૨૮૯) :- રૂ.૩૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક સ્ટીલ સેકટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૮૦ થી રૂ.૨૭૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૦૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

# જી.ડી. મોદી વિદ્યાસંકુલમાં વાર્ષિક પુરસ્કાર વિતરણ સમારોહ યોજાયો

પાલનપુર

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ, પાલનપુર સંચાલિત જી.ડી. મોદી વિદ્યાસંકુલની વિવિધ કોલેજોનો વાર્ષિક પુરસ્કાર વિતરણ કાર્યક્રમ તા.૦૬/૦૨/૧૮ ને મંગળવારના રોજ આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સના યજમાન પદે યોજાઈ ગયો. આ વાર્ષિક પુરસ્કાર વિતરણ સમારોહમાં આર્ટસ, સાયન્સ, કોમર્સ, બીબીએ, બસીએ ફાઈન આર્ટસ અને લો કોલેજમાં જે તે વિષયમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને આ ઉપરાંત તેઓની રૈક્ષણિક સિધ્ધિ, નેશનલ/રાજ્ય/ આંતર યુનિવર્સિટી/ યુનિવર્સિટી કક્ષાએ તેમજ કક્ષાએ વિવિધ પ્રવૃતિઓમાં કરેલ ઉત્કૃષ્ઠ દેખાવ તેમજ કોલેજમાં અભ્યાસ કરતાજરૂરીયામંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય પેટે શિક્ષણ ફીમાં રાહત આપવા માટે દાતાઓ તરફથી જુદી જુદી પ્રકારની પ્રાઈઝીસ/સ્કોલરશીપ એનાયત કરવામાં આવ્યા. જેમાં મેનેજમેન્ટના પ્રમુખશ્રી શિરિષકુમાર મોદીના સક્રીય પ્રયાસોથી જુદી જુદી ૨૦ પ્રકારની પ્રાઈઝીસ/ સ્કોલરશીપ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કેમ્પસના ૪૨ વિદ્યાર્થીઓને દાતાઓ તરફથી ૨ લાખથી વધુ રકમથી જુદી જુદી સ્કોલરશીપ મુજબ વ્યક્તિગત ૪૦૦૧/-, ૨૦૦૧/-,૨૧૦૦/-, ૬૦૦૦/-, ૭૫૦૧/- અને સુવર્ણ મંડિતચંદ્રક અને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા. આ પ્રસંગે દાતાઓની જીવન જરમરનું વાંચન કરવામાં આવ્યું



હતું.

કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય ડૉ.યોગેશ બી. ડબગરે સર્વે ઉપસ્થિત મહેમાનો અને વિદ્યાર્થીઓના પરિવારજનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ શિરીષકુમાર એમ.મોદીએજણાવ્યું હતુ કે આ સ્કોરશીપનો મુખ્ય હેતુ બનાસકાંઠા જિલ્લાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને અન્ય ક્ષેત્રે વધુમાં વધુ હરીફાઈ કરીને આગળ આવે અને જિલ્લાનું પછાતપણાનું લાંછનરૂપ લેબલ દૂર કરે એ માટેનો છે. આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે હેમ.ઉત્તર ગુજ.યુનિ ના ઈ.સી. મેમ્બર ડૉ.હિતેશ ચૌધરી, મંડળના મંત્રી સુનિલભાઈ શાહ, કેમ્પસ મદદનિશ નિયામક અપૂર્વ મહેતા વિવિધ સ્કોલરશીપના દાતાઓ ડૉ.એમ.વી. હાથી, બાકીરભાઈ માસ્ટર, પ્રતિમાબેન મોદી વિવિધ કોલેજના આચાર્યઓ, અધ્યાપકઓ અને પુરસ્કૃત કરાયેલા વિદ્યાર્થીઓ, પેરેન્ટન્સ અને આમંત્રીત સહિત ૧૨૦૦ થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.સુરેશ પ્રજાપતિ અને ડૉ. કે.વી.મહેતાએ કર્યું હતું. આ કાર્યક્રમની આભાર વિધિ પ્રા.આર.ડી જોષીએ કરી હતી.

# પ્લાસ્ટિક ઉદ્યોગોના પ્રોત્સાહન માટે સરકાર કટિબદ્ધ : રૂપાણી

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતમાં પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીના વ્યાપ દ્વારા રોજગાર નિર્માણ, ઈનોવેશન્સ સ્ટાર્ટઅપ જેવા આધુનિક આયામોની નેમ વ્યક્ત કરી છે. પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝ એ ભવિષ્યનું વિકાસનું નવતર ક્ષેત્ર છે એમ પણ તેમણે જણાવ્યુ હતું. આ સંદર્ભમાં મણે જાહેર કર્યું હતું કે, પ્લાસ્ટિક ઉદ્યોગગારો, ઉદ્યોગોને નવી ગતિ આપવા સાણંદમાં રાજ્યનો બીજો પ્લાસ્ટિક પાર્ક નિર્માણ થશે. ભરુચના દહેજમાં આ પ્રકારનો ડેડિકેટેડ પ્લાસ્ટિક પાર્ક રાજ્ય સરકારે કાર્યરત કર્યો છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. વિજય રૂપાણીએ ગાંધીનગરમાં યોજાઈ રહેલા પાંચ દિવસીય પ્લાસ્ટ ઈન્ડિયા-૨૦૧૮ એક્ઝિબિશન કોન્ફરન્સ અને કન્વેન્શનનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હુતં કે, પ્લાસ્ટિક ઉત્પાદનો ઝિરો ડિફેક્ટ પર્યાવરણ પ્રિય ઉત્પાદનો બની રહે તથા રિસાયકલિંગ અને ન્યૂ ઈન્વેન્શન્સથી પ્લાસ્ટિક ઉત્પાદનો વધુ સહજ બને તેવી રાજ્ય સરકારની અપેક્ષા છે. આ માટે ગુજરાત સરકારે પ્લાસ્ટિક ઉદ્યોગની ટેકનોલોજીમાં નવા શોધ-સંશોધનોને વેગ આપવા વાપીમાં પ્લાસ્ટ ઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટીની સ્થાપનાની પ્રક્રિયા ગતિમય બનાવી છે તેની ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી. મુખ્યમંત્રીએ રાજયમાં પ્લાસ્ટિક-પોલીમર્સના ઉદ્યોગોના વિકાસની તેજ રફતાર સરકારે જાણીને સ્પેસિફિક પ્લાસ્ટિક પોલિસી ઘડી છે અને ઉદ્યોગકારોના સૂઝાવને આધારે તેને વધુ ઈન્ડસ્ટ્રીયલ ફ્રેન્ડલી બનાવી છે તેમ ઉમેર્યું હતું. તેમણે કહ્યું હતું કે, દેશના પોલિમર ઉત્પાદનમાં ૫૦ ટકાથી વધુ ફાળો ગુજરાતનો છે.

# ડીસા રાધે બંગલોઝમાં વિદાય-સન્માન સમારંભ યોજાયો



ડીસા

રાધે બંગલોઝ, ડીસામાં છેલ્લા દસ વરસથી ધાર્મિક સામાજિક તેમજ રાષ્ટ્રીય તહેવારો ધામધૂમથી ઉજવાય છે. રાધે બંગલોઝમાં છેલ્લા પાંચ વરસથી પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવીને સેવાભાવી કાર્યકર તરીકે ગુણવંતભાઈ ગજ્જરે બહુ જ ચાહના મેળવી છે અનિવાર્ય સંજોગોમાં તેમને બીજે રહેવા જવાનું થયું હોવાથી તેમનો વિદાય સન્માન સમારંભ સોસાયટીના વડીલ પ્રતાપભાઈ ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને યોજાયો.

સોસાયટીના યુવાન પ્રમુખ ભરતભાઈ લીંબાચીયા સેક્રેટરી સુરેશભાઈ પટેલ, વડીલ પ્રહલાદભાઈ લીંબાચીયા, રસીકભાઈ ઠક્કર નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, રાજેશભાઈ બ્રહ્મભટ્ટ, દિલીપભાઈ સોની, ભવાનીશંકર ત્રિવેદી, મનસુખભાઈ ઠક્કર, અતુલભાઈ ઠક્કર, સંજયભાઈ ઠક્કર, સી.ડી.પટેલ, પિન્ટુ સોલંકી, રમેશભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, રીતેશભાઈ સોની, જયેશભાઈ પટેલ, પારસભાઈ બ્રહ્મભટ્ટ, જિજ્ઞેશભાઈ બ્રહ્મક્ષત્રિય તથા રાધે બંગલોઝની બહેનો, બાળકોએ ઉપસ્થિત રહીને ગુણવંતભાઈને સાલ, પુષ્પગુચ્છ તથા ગીતાજીનું પુસ્તક ભેટ આપીને સન્માનીત કર્યા હતા. સાથે સાથે તેમના સુપુત્ર સુનીલભાઈ પુત્રવધુ હીનાબેન અને બાળકો મેશ્વા તથા આરવને પણ પુષ્પગુચ્છથી સન્માનીત કરીને શુભેચ્છાઓ પાઠવી હતી.

**ડીસા પાલીકાના બ્રાન્ડ એમ્બેસેડર**

# જનક ઠક્કર એટલે કે, 'સુરી' ના સરપંચ બેસ્ટ એક્ટર એવોર્ડ માટે નોમિનેટ



ડીસા

સમગ્ર ગુજરાત રાજ્યનું જાણીતું નામ એવા જનક ઠક્કર હવે મુંબઈનું એક જાણીતું નામ બની ગયા છે. જનક ઠક્કર મુંબઈમાં દર વર્ષે યોજાતા એવા નામાંક્તિ ટ્રાન્સમીડીયા એવોર્ડમાં પોતાની સુપરહીટ રહેલી ધારાવાહિક સીરીયલ 'સુરી' માટે બેસ્ટ એક્ટર તરીકે નોમિનેટ થયા છે. ટ્રાન્સમીડીયા દર વર્ષે આ એવોર્ડ ફંકશનનું આયોજન કરી પ્રભાવસાળી ગુજરાતી કલાકારોને એવોર્ડ આપી સન્માન કરે છે. અને એમની પ્રતિભાને બિરદાવે છે. આ વર્ષે ટ્રાન્સમીડીયા તેઓ ૧૭ મોવાર્ષિક એવોર્ડ ફંકશન કરી રહ્યું છે. એમાં આપણા ગૌરવ એવા જનક જશવંતલાલ ઠક્કર બેસટ એક્ટર 'સુરી' સીરીયલ માટે નોમિનેટ થયાછે. ગાંધીનગર શહેરના તથા ડીસાના તેઓ સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે. ઘણી બધી હિન્દી-ગુજરાતી સીરીયલ તેમજ ફિલ્મોમાં કામ કરી ચુકેલા આ અભિનેતા બહુમુખી પ્રતિભા ધરાવે છે.

તેઓ એક એક્ટર હોવા ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના યુથ વીંગના કન્વીનરની પદવી પણ ધરાવે છે. આ અભિનેતા સોસીયલ એક્ટીવીસ્ટ તરીકે પણ જાણીતા છે. તે વારંવાર સમજ ઉપયોગી પ્રવૃતિઓ કરતા જ રહે છે. કલર્સ ગુજરાતી પર આવતી 'સુરી' સીરીયલ સતત બે વર્ષથી નંબર વન રહી ચુકી છે અને આ સીરીયલમાં સરપંચની ભૂમિકા દ્વારા જનક ઠક્કરે સમગ્ર ગુ-જરાતમાં ખુબ લોકચાહના મેળવી છે. સીરીયલમાં તેમની સરપંચ તરીકેની બોલવાની વાકછટા લોકોમાં ખુબ પ્રચલિત બની છે. ઘણાબધા ગુજરાતીઓ તેમને 'સરકાર' કરી સંબોધે છે. જનક ઠક્કર ને એવોર્ડ મળે એ માટે આપણાં સૌની એમને શુભકામના, જનક ઠક્કરે જણાવ્યું કે આવી જ રીતે બધાના આર્શીવાદ મળતાં રહે અને મળ્યા છે તે માટે હું ભગવાનનો અને પાપ સૌનો ખુબ-ખુબ આભારી છું.

# રાણપુર પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

ડીસા

રાણપુર વચલા વાસ પ્રાથમિક શાળામાં ૬૯ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં સવારે ગામમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા પ્રભાત ફેરી યોજાઈ. ત્યારબાદ દીકરીને સલામ દેશ કે નામ અંતર્ગત ગામમાં વધારે અભ્યાસ કરેલ દીકરી દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમમાં ગામના સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, માધ્યમિક શાળાના આચાર્શ્રી તથા સ્ટાફમિત્રો, સિદ્ધિ વિનાયક ગ્રુપના સભ્યો હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા ગામમાં આ વર્ષે જન્મેલ દીકરીના વાલીનું સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ ખૂબ જ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં રહેલા બાળકોને પ્રોત્સાહિત કરવા સિદ્ધિ વિનાયક ગ્રુપના પ્રમુખ જોષી ધવલભાઈ અને મંત્રી વાઘેલા બનાભાઈ તરફથી ચોપડો, પેન, પેન્સિલ, રબર,સંચો, ફૂટપટ્ટીની કીટનું ઈનામ આપવામાં આવેલ. તેમજ શાળાના તમામ બાળકોને દાતા દેસાઈ પ્રવિણભાઈ ડી (પશુ ડૉક્ટર,સિદ્ધિ વિનાયક ગ્રુપ) તરરફથી પાણીની બોટલ, ચોપડો અને પેન આપવામાં આવેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય શિલ્પાબેન કે. પટેલ અને શિક્ષકમિત્રો દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

# રાફેલ ડિલના સંબધમાં મોદી કોઈ વાત કરતા નથી : રાહુલ

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લોકસભા અને રાજ્યસભામાં ભાષણ પર કોંગ્રેસે વળતા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીએ આજે કહ્યુ હતુ કે તેઓએ વડાપ્રધાનને ત્રણ પ્રશ્ન કર્યા હતા પરંતુ એક કલાકથી વધુ સમય સુધી ચાલેલા તેમના ભાષણમાં તેમના પ્રશ્ના જવાબ મળ્યા નથી. તેમણે કહ્યુ હતુ કે રાફેલ ડીલ કોંભાડ સંબંધમાં મોદીએ જવાબ આપ્યા નથી. જેથી કઇ ગેરરિતી દેખાય છે. મોદીએ આજે પણ ભાષણમાં રોજગારી અને દેશની સામે રહેલી સમસ્યા અંગે જવાબ આપ્યા નથી. રાહુલે કહ્યુ હતુ કે મોદીનુ ભાષણ કોંગ્રેસ ઉપર જ હોય છે. ખેડૂતોના ભવિષ્ય અને યુવાનોના રોજગાર અંગે વાત કરતા નથી તે પહેલા રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અસલ અંદાજમાં દેખાયા હતા. વર્ષ ૨૦૧૪માં જે રીતે ચૂંટણી પ્રચારમાં આક્રમક નિવેદન કર્યા હતા તેવી જ રીતે આજે નિવેદન કરીને કોંગ્રેસ પાર્ટીની તમામ પોલ ખોલી હતી. મોદીએ કોંગ્રેસને એક એક આક્ષેપોના જવાબ આપીને કહ્યું હતું કે, અમે મેન ચેન્જર નહીં એમ ચેન્જર છે. તેમણે ઉમેર્યું હતું કે, કોંગ્રેસના મેન ચેન્જર અને જુના ભારતને આપી દો તેવા તમામ આક્ષેપોનો મોદીએ જવાબો આપ્યા હતા.

# મગફળી ગોડાઉનમાં લાગેલ આગ મામલે ઉંડી ચકાસણી

અમદાવાદ

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રાજ્યમાં મગફળીનું મબલખ ઉત્પાદન થયું છે ત્યારે કિસાનોના હિતમાં મુક્યમંત્રી વિજય રૂપાણીએ મગફળીની ખરીદી ટેકાના ભાવે કરી છે. આ ખરીદાયેલ મગફળીના સંગ્રહ માટે ગોંડલ ખાતેના ગોડાઉનમાં અકસ્માતે આગનો બનાવ બન્યો હતો અને ૨૧.૪૧ કરોડથી વધુ રકમની મગફળીના જથ્થાનો નાશ થયો છે. આ સંદર્ભે રાજ્ય સરકારે તપાસ માટે સીટની રચના કરી છે. સાથે સાથે સ્થાનિક કક્ષાએ પ્રાંત અધિકારીને પણ મેજિસ્ટેરિયલ ઈન્કવાયરી સોંપવામાં આવી છે જેની કામગીર યુદ્ધના ધોરણે ચાલી રહી છે. તપાસ દરમિયાન ગુનામાં સંડોવાયેલા છ વ્યક્તિઓની ધરપકડ કરાઈ છે. ગુનામાં બીજા કોઈની પણ બેદરકારી હશે તો કોઈને પણ છોડવામાં આવશે નહીં. આ માટે વિવિધ પાસાઓની ચકાસણી કરવામાં આવી રહી છે. મંત્રી જાડેજાએ ઉમેર્યું હતું કે, ગોંડલના આ ગોડાઉનમાં લાગેલ આગ સંદર્ભે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા ગોડાઉન બહારથી નમૂના લઈ તપાસ ચાલુ છે. મગફળીમાંથી નિકળતા તેલને કારણે આગ ગોડાઉનમાં ચાલી હોઈ સંપૂર્ણપણે આગ ઓલવાઈ જાય ત્યારબાદ ફોરેન્સિક સાયન્સ દ્વારા વધુ તપાસ હાથ ધરાશે. ભવિષ્યમાં આવા પ્રકારના ઘટના ન બને તે માટે રાજ્યમાં આવેલા મગફળીના ગોડાઉનોમાં સીસીસટીવી કેમેરા, ચોકીદાર, ફાયર સેફટી અંગેના સાધનો દ્વારા સલામતી અંગેનું ફાયરસેફટી ઓડિટ કરવા અંગે પણ સંબધિત કલેક્ટરોને સૂચનાઓ આપી દેવામાં આવી છે. મંત્રી જાડેજાએ ઉમેર્યું હતું કે, ગોંડલ સીટીના ઉબવાડા રોડ પર આવેલ રામરાજ્ય કોટેક્ષ પ્રાઈવેટ લિમિટેડના ગોડાઉનમાં ૩૦મી જાન્યુઆરીના રોજ આગ લાગવા અંગે તરઘડીના મગનભાઈ ઝાલાવાડિયાએ જાણ કરી હતી.

# પાલિતાણાના મેવાડ ભવનમાં દીક્ષા કલ્યાણકની ઉજવણી

**દીક્ષા લીધા વિના કોઈ જીવનો ઉદ્ધાર થતો નથી : આ.ગુણરત્નસુરી**



સુરત

મેવાડ ભવનમાં મેવાડ જૈન શ્વેતાંબર ટ્રસ્ટ દ્વારા આયોજીત અંજનશલાકા પ્રતિષ્ઠા મહા મહોત્સવના આઠમા દિવસે પ.પૂ.આ.શ્રી ગુણરત્ન સૂરી મ.સા., આ.શ્રી રવિશેખર સૂરી મ.સા., આ.શ્રી રશ્મીરત્નસૂરી મ.સા., આ. શ્રી મુક્તિવલ્લભસૂરી મ.સા., આ.શ્રી જીનેશરત્ન સૂરી મ.સા., આ.શ્રી મુનીશરત્ન સૂરી મ.સા. આદિ શતાધિક સાધુ સાધ્વીજી ભગવંતોની શુભનિશ્રામાં શ્રી વાસુપુજ્ય સ્વામી ભગવાનનો દીક્ષાનો ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળ્યો. વરઘોડામાં હાથી, બેંડ, બગી, શહનાઈ, પંજાબી બેંડ, કાઠીયાવાડી વિગેરે અનેક મંડળીઓ સામેલ હતી.

વરઘોડો મેવાડ ભવનથી શરૂ થઈ સાંચોરી ભુવન થઈ તળેટી રોડથી ચંપાનગરી મંડપમાં ઉતર્યો. ત્યાં વાસુપુજ્ય સ્વામીના દીક્ષા કલ્યાણકની ઉજવણી સંગીત સમ્રાટ વિનીત ગેમાવતે ખુબ જ સંવેદનાત્મક રીતે કરાવી. આ.ભ.શ્રીએ પ્રભુનો લોચ કર્યો, કરેમિ ભંતેનું પચ્ચક્ખાણ ઉચ્ચરાવી પ્રભુ સંયમી બન્યા. બપોરે ૩ કલાકે બહેનોની સાંજીનો પ્રોગ્રામ ખુબ ઉલ્લાસ પુર્વક પૂર્ણ થયો.

રાત્રે પ્રભુનું અંજન વિધાન પ્રાણ પ્રતિષ્ઠા થયું તથા તા.૭ મી ના સવારે ૭ કલાકે પ્રભુની પ્રતિષ્ઠાની મંગલ વિધિનો પ્રારંભ થશે. મેવાડ કેસરી પૂ.આ. હિમાચલસૂરી મ.સા., મેવાડ દેશોદ્ધારક પૂ.આ. શ્રી જીતેન્દ્રસુરી.મ.સા.ની ગુરુમૂર્તિ તથા માણીભદ્રજી ભૈરવજી દેવની પ્રતિષ્ઠા પણ સાથે થશે. સાંજે ગુરૂભગવંતોનો વિહાર થયો.

## બોરોઝ દ્વારા પ્લાસ્ટઈન્ડિયા ૨૦૧૮માં ફ્લેગશિપ ફ્લેક્સિબલ પેકેજીંગ સોલ્યુશન એન્ટીયો સહિત સીમા વિસ્તારતાં પેકેજીંગ સોલ્યુશન્સ રજૂ કરાયા



અમદાવાદ

બોરોઝ દ્વારા અચરજ ઉભુ કરતા ક્રિએટીવ પ્લાસ્ટિકસ સોલ્યુશન છર્હીન, સહિતના પોર્ટફોલિયોની તા.૭ થી ૧૨ ફેબ્રુઆરી દરમ્યાન ગાંધીનગરમાં યોજાયેલા પ્લાસ્ટઈન્ડિયા ૨૦૧૮માં રજૂઆત કરવામાં આવી છે. બોરોઝ દ્વારા જે વિવિધ પ્રકારનાં સોલ્યુશન્સ રજૂ કરવામાં આવ્યાં છે તેમાં દેશભરમાં તાજો, તંદુરસ્ત આહાર પૂરો પાડે તેવાં એડવાન્સ્ડ પેકેજીંગ સોલ્યુશન્સ ઉપરાંત ખેત બજાર માટે ગ્રીન હાઉસ અને ઈરીગેશન મટિરિયલ્સનું કલેકશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કન્સ્ટ્રક્શન ઉદ્યોગો માટે પોલીઈથીલીન અને પોલિપ્રોપિલિનની પાઈપ સિસ્ટમ્સ, ભારતની વિસ્તરતી જતી એનર્જી ગ્રીડઝ માટે પાવર કેબલ સોલ્યુશન્સનો સમાવેશ થાય છે.પ્લાસ્ટ ઈન્ડિયાની આ એડિશનમાં બોરોઝ દ્વારા 'INSPIRING TOMORROW' નું પ્લેટફોર્મ રજૂ કરવામાં આવ્યું છે, જેમાં ભારત માટે તે શું ઓફર કરે છે તે અંગે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી છે.

બોરોઝ દ્વારા પ્લાસ્ટઈન્ડિયામાં ગ્લોબલ પેકેજીંગ માર્કેટ માટે પેકેજીંગ ગ્રેડના લિનિયર લો ડેન્સીટી પોલીઈથીલીન (LLDPE) ની નવી ફેમિલીની રજૂઆત કરી છે, જે એન્ડ યુઝ પ્રોપર્ટીઝ અને ઉચ્ચ પર્ફોર્મન્સનો અનોખો સમન્વય ધરાવે છે. સાથે સાથે તે વધુ શેલ્ફ અપીલ સાથે નવું પરિમાણ રજૂ કરે છે. આ સોલ્યુશન ઓછા એક્સ્ટ્રુડર પ્રેશરે આસાન પ્રોસેસ ક્ષમતા, બેટર સીલીગ સ્પીડ અને મજબૂત તેમજ સુધારેલ પંકચર રેઝીસ્ટન્સ રજૂ કરે છે.

" હકીકત એ છે કે Anteo™ ના લાભ એટલે એનો અર્થ સુધારેલી સીલીંગ સ્પીડ, કાર્યક્ષમ પ્રોસેસિંગ અને બહેતર સૌંદર્ય, વધુ ભરોસાપાત્રતા,ગુણવત્તા અને મૂલ્ય પણ થાય છે. છર્હીન ગ્રાહકો તથા ઉદ્યોગોના વપરાશ માટે અમારા ફ્લેક્સિબલ પેકેજીંગનું મહત્વનું વિસ્તરણ છે. અમે ઈનોવેશન્સ લાવીને એવી તકો ઉભી કરતા રહીશું કે જે ગ્રાહકના બિઝનેસના મૂલ્યમાં ઉમેરો કરતી રહે "

## ગુજરાત પરથી માવઠાની ઘાત ટળી

# ઉઘાડ નિકળતાં ખેડૂતોને હાશકારો

**નર્મદા નહેર પરથી ખેડૂતો સામે તંત્ર કડકાઈ બતાવતા ભારે રોષની લાગણી**


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

રાજસ્થાનમાં સક્રિય થયેલ સરકયુલેશન સિસ્ટમને પગલે રાજયમાં કમોસમી વરસાદ માવઠાની સ્થિતિનો માહોલ સર્જાતાં ખેડૂતોના જીવ તાળવે ચોટયા હતા ને મોં સુધી આવેલ કોળીયો કુદરત છીનવી લેશે તેવો ભય જોવા મળતો હતો. જુનાગઢ સહિત કેટલાક વિસ્તારોમાં વરસાદના વાવડ મળ્યા તો છેલ્લા બે દીવસથી આકાશ વાદળોથી ગોરંભાયેલું રહેતા મોલા મસીનો ઉપદ્રવ વધ્યો હતો જેનો ભોગ દ્વિચક્રી વાહનચાલકો થતા જોવા મળ્યા હતા. આ હવામાન દશમી ફ્બ્રુઆરી સુધી રહેવાનો વર્તારો હતો પણ કુદરતની કળાનો પાર કોઈ પામી શક્યું નથી ને ગુજરાતના ખેડૂતોની કાકલૂદી કુદરતે સંભળી હોય તેમ હવામાન યુ.પી, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સહિત પુર્વ - દક્ષિણના દરીયા તરફ ફંટાઈ જતા ગઈકાલે રાજયમાં ઉઘાડ નિકળી સૂર્યનારાયણના દિવસભર દર્શન થતાં ખેડુતોએ હાશકારો અનુભવ્યો હતો.

બીજી તરફ દેવડીએ દંડ પામે ચોર મૂઠી જારના ને કરોડોનું કરનારા લીલા લહેર કરે છે તેવા હાલ રાજય સરકારે ખેડૂતોના કર્યા છે. મગફળીની બોગસ ખરીદીને જથ્થાને સળગાવવા પ્રકરણ પર પડદોને નર્મદા નહેરના વહેતા પાણીમાંથી કુષિ માટે લેતા પાણી ખેડુતો પર તવાઈ આવી છે જેના ખેડુતોએ એવો આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, સ્થાનિક નેતાઓ તેમના મળતીયાઓના કનેકશનો કપાયા નથીને નિર્દોષ ખેડૂતોને હેરાન કરવામાં આવી રહ્યા છે. રાજય સરકાર આગામી સમયમાં ગુજરાતમાં જળ સંકટ ઉભુ થવાના એંધાણ હોવાથી આગોતરા આયોજન રૂપે નર્મદા નહેર પર મશીન મોટર મુકીને પાણી ખેચતા ખેડુતો સામે કડક કાર્યવાહી કરતી હોવાનું જણાવ્યું હતું. નર્મદાના પાણી આધારિત વિસ્તારોમાં રવિ પાકોને અંતિમ તબક્કામાં નુકશાન થવાની ભીતી ખેડુતો સેવી રહ્યા છે તો બીજી તરફ સેટેલાઈટ નકશા દ્વારા જાણવા મળતી માહીતી મુજબ ગુજરાત રાજસ્થાન પરથી કમોસમી વરસાદ - માવઠાની ઘાત ટળી છે. પવન ન બદલાય તો પૂર્વ દક્ષિણના દરીયામાં આ સરકયુલેશન સિસ્ટમ શાંત થઈ જશે. તેવું સ્પષ્ટ સેટેલાઈટ કેમેરાની નજરે દેખાઈ રહ્યું છે.

# પશુઓને વિષાણુ જન્ય ચેપીરોગ ખરવા-મોવાસા માટે વિના મૂલ્યે રસીકરણ

**બનાસ ડેરી, રાજ્ય સરકાર અને ભારત સરકારનો સંયુક્ત પ્રયાસ**



પાલનપુર

પશુઓમાં થતો વિષાણુ જન્ય ચેપીરોગ ખરવા-મોવાસાની પશુઓને અસર થાય ત્યારે પશુપાલકોને ઘણું જ આર્થિક નુકસાન ભોગવવું પડતું હોય છે તેના લીધે પશુની તંદુરસ્તી પણ કાયમી ધોરણે બગડે છે. તેમજ વિષાણુથી થતા આ રોગને લીધે પશુઓના દૂધના જથ્થા અને ગુણવત્તા પર પણ ખરાબ અસર થતી હોય છે, આ બાબતોને ધ્યાનમાં રાખીને બનાસ ડેરી, રાજ્ય સરકાર અને ભારત સરકારના સંયુક્ત પ્રયાસથી રોગના અસરકારક નિયંત્રણ માટે સમયસર રસીકરણ જે એક માત્ર ઉપાય છે તે માટે ડેરીના વેટનરી અને પશુપાલન વિભાગ દ્વારા બૃહદ બનાસકાંઠા જિલ્લામાં લગત વેટ. યુનિટ ખાતે તા. ૧૪.૨.૨૦૧૭ થી ૨૬.૨.૨૦૧૭ સુધી પશુપાલન મિત્ર (બીજદાન કર્મચારી)ને ખારવા-મોવાસા રોગ અને રસીકરણ વિશે માર્ગદર્શન આપવા માટે મીટિંગોનું આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર બનાસકાંઠામાં ખરવા-મોવાસા રોગને ડામવા માટે વિના મૂલ્યે રસી ફાળવીને રસીકરણ કાર્યક્રમ સફળ કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

ખરવા- મોવાસા રોગને કારણે પશુને તાવ આવે છે, મો માંથી લાળ પડે છે, મોઢામાં, જીભ ઉપર, બાવલા ઉપર તથા પગની ખરી ઉપર ચાંદા પડે છે. પશુ ખાવાનું બંધ કરી દે છે અથવા ઓછું કરી દે છે. ગાભણ પશુ તરોવાઈ જવાની શકયતા રહે છે તથા દૂધ ઉત્પાદન ઘણું જ ઓછું થઈ જાય છે. નાના બચ્ચાઓ જો આ રોગનો શિકાર બને તો તેમનુ મરણ થાય છે. ઘણી વાર પગની ખરી વચ્ચે ગાંઠ થાય છે તથા કાળજી ન લેવાય તો જીવડા પડે છે. આ રોગ આવ્યા પછી તેની કોઈ જ ચોક્કસ સારવાર હોતી નથી, ઉપરાંત રોગ મટી ગયા પછી પણ પશુ હાંફતું રહે છે,

અનુસંધાન પાના નં.૬

# લોરવાડા તાલુકા પંચાયતની બેઠકમાં ભાજપના ઉમેદવારે ફોર્મ ભર્યું


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

બનાસકાંઠા જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીનું જાહેરનામુ પડતા જ ફોર્મ ભરવાનું શરૂ થઈ ગયું છે ત્યારે ડીસા તાલુકાની લોરવાડા તાલુકા પંચાયતની બેઠક પરથી વડાવળ ગામના શારદાબેન સવજીજી વાઘેલાએ ગતરોજ ભાજપ પક્ષના મેન્ડેટ સાથે ફોર્મ ભર્યું હતું અત્રે ઉલ્લેખનીય છે કે ગત ટર્મમાં જુના સીમાંકન પ્રમાણે વાસણા (જુનાડીસા) ની બેઠક પર તેમના પતિ વાઘેલા સવજીજી ભાજપમાંથી ચુંટાઈ આવ્યા હતા તેમના પાંચ વર્ષના કાર્યકાળમાં વાસણા (જુડી) બેઠકના સમવીષ્ટ ગામોમાં ખુબ સારી કામગીરી હતી જેથી ભારતીય જનતા પાર્ટી દ્વારા ફરી તેમને જ ઉમેદવાર કરતા નવા સીમાંકન પ્રમાણે વડાવળ ગામ વાસણા (જુડી) તાલુકા પંચાયત બેઠકમાંથી લોરવાડા તાલુકા પંચાયતની બેઠકમાં આવતા લોરવાડા સીટમાં સામાન્ય સ્ત્રીની બેઠક હોવાથી તેમની પત્નિ શારદાબેન સવજીભાઈ વાઘેલાએ પોતાના ટેકેદારો સાથે ડીસા તાલુકા પંચાયત ઓફીસમાં ગતરોજ પોતાનું ફોર્મ ભર્યું હતું અને વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# વાવની મોરીયા તા.પં.સીટ ઉપર ભાજપના ઉમેદવાર તરીકે સિધ્ધરાજસિંહ ચૌહાણે ફોર્મ ભર્યું


વિષ્ણુ સોલંકી

તા.પ્રતિ વાવ

વાવ તાલુકા પંચાયતની ૨૨ બેઠકો પૈકીની અતિ મહત્વની ગણાતી મોરીયા તા.પં.ની સામાન્ય પુરૂષની સીટ ઉપર ભાજપના અગ્રણી અને દરબાર સમાજના યુવા અગ્રણી સિધ્ધરાજસિંહ અમરસિંહજી ચૌહાણે ભાજપ તરફથી ઉમેદવારી ફોર્મ રજુ કર્યું હતું. જે પ્રસંગે તેઓએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે મોરીયા તા.પં સીટ ઉપર મોરીયા - ધરાધરા બે ગામોનો સમાવેશ કરાયો છે. અંદાજે પાંચ હજાર મતો ધરાવતી આ બેઠક છે. તમામ કોમના સાથ અને સહકારથી મે ભાજપના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે. જેમાં તમામ સમાજનો સાથ અને સહકાર મળી રહ્યો છે.

અનુસંધાન પાના નં.૬

# આધાર જમા ન કરાવે તો પ્રવેશ રદ કરવાની ચીમકી સામે રિટ

અમદાવાદ

જો વિદ્યાર્થી આધારકાર્ડ રજૂ ના કરે તો તેનો પ્રવેશ રદ કરી દેવા અને શિક્ષક આધારકાર્ડ રજૂ ના કરી શકે તો શાળાની જ માન્યતા રદ કરી દેવા અંગેના રાજયના શિક્ષણ સત્તાવાળાઓના વિવાદીત પરિપત્રને પડકારતી એક મહત્વની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થઈ છે. આ કેસની સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાશે. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી રિટ અરજીમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા છે કે, રાજયના શિક્ષણવિભાગ દ્વારા તા.૨૮-૧૨-૨૦૧૭ના રોજ એક હુકમ કરી તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આધારનંબર લેવા આદેશ કર્યો હતો. જેને પગલે અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તા.૭-૧-૨૦૧૮ના રોજ એક પરિપત્ર કરી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ફરજિયાતપણે આધારકાર્ડ જમા કરાવવા આદેશ કરવામાં આવ્યો હતો. એટલું જ નહી, જો વિદ્યાર્થીઓ દ્વારા આધારકાર્ડ જમા ના કરાવાય તો વાલીઓને સૂચના આપવી

અનુસંધાન પાના નં.૬

# વાવ જિ.પંચાયતના સદસ્ય કાંનજીભાઈ રાજપુત ભાજપમાં જોડાયા

**વાવ - ૧ તા.પં.સીટ ઉપર ભાજપના મેન્ડેટ સાથે ઉમેદવારીપત્ર રજુ કર્યું**


વિષ્ણુ સોલંકી

તા.પ્રતિ વાવ

વાવ જિ.પં. સદસ્ય અને કોંગ્રેસના ધુરંધર અને પીઢ અગ્રણી કાંનજીભાઈ રાજપૂતે બે દીવસ અગાઉ કોંગ્રેસના જિ.પં.સદસ્ય અને પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદ ગત તા.૭/૨/૨૦૧૮ અને બુધવારના રોજ વાવ નવી બજારમાં આવેલા અમરનાથ મંદિરના સાનિધ્યમાં ભાજપ અગ્રણીઓ અને ગ્રામજનોની હાજરીમાં બેઠક યોજી ભાજપનો કેશરીયો ખેસ ધારણ કરી લીધો હતો. જે પ્રસંગે તેઓએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પાટર્ીમાં જુથવાદ ચાલે છે. સાચા કાર્યકરોની અવગણના થાય છે. કોંગ્રેસ પાર્ટીની કામ કરવાની નીતીથી હું નારાજ હતો. જેથી મેં કોંગ્રેસ પાર્ટીથી છેડો ફાડી દીધો છે અને હું ભાજપમાં જોડાવું છું આ વિસ્તારમાં વિકાસની ગાડી સડસડાટ ચાલુ રાખવી છે. ભાજપએ આ વિસ્તારમાં કરેલા વિકાસના કાર્યોથી હું ખુશ છું હું પણ વિકાસની યાત્રા ચાલુ રાખીશ ત્યારબાદ તેઓ બપોરે ૨/૦૦ કલાકના શુભ મુહર્તે વાવ તા.પં-૧ ની સીટ ઉપર ભાજપના મેન્ડેટ સાથે ઉમેદવારીપત્ર રજુ કરતાં ભાજપના કાર્યકરો ગેલમાં આવી ગયા છે.

અનુસંધાન પાના નં.૬

# વાવ - ૨ તા.પં. સીટ ઉપર કોંગ્રેસના મહિલા ઉમેદવારે ફોર્મ ભર્યુ


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ વાવ

અતિ મહત્વની અને પાંચ હજાર મતો ધરાવતી વાવ - ૨ સીટ અનુજાતિ મહિલાના ફાળે આવી છે. જેમાં વાવ શહેરના હરીપુરા, વાંઢીયાવાસ, દીપાસરા, વાવડીયાવાસ, વાવડી, માલસણ , રાવળા ગામોનો સમાવેશ થયો છે.

જે વાવ - ૨ સીટ ઉપર વાવ શહેરના લાલાભાઈ પરમારના ધર્મપત્નિ જયાબેન લાલાભાઈ પરમારે કોંગ્રેસના મહિલા ઉમેદવાર તરીકે ઉમેદવારી ફોર્મ રજુ કર્યું છે.

અનુસંધાન પાના નં.૬

# વડગામ તા.પં.માં ૫૦ અને જિ.પં.માં ૧૧ ફોર્મ ભરાયા


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ વડગામ

જિલ્લા તાલુકા પંચાયત સામાન્ય ચુંટણી ૨૦૧૮ અન્વયે ઉમેદવારી ફોર્મ ભરવાના પાંચમાં દિવસે ગઈકાલે તા.૭/૨/૨૦૧૮ ને બુધવારે તાલુકા પંચાયતની ૨૮ બેઠકોમાં ૫૦ ઉમેદવારી ફોર્મ જયારે જિલ્લા પંચાયતની ૬ બેઠકોમાં ૧૧ ઉમેદવારી ફોર્મ રજુ થતાં હોવાનું મામલતદાર આર.એમ. ચાવડાએ જણાવ્યું હતું. ગતરોજ દિવસ દરમ્યાન રાજકીય અગ્રણીઓથી વડગામમાં જાણે કિડીયારૂ ઉભરાયું હોય તેવો માહોલ સર્જાયો હતો. બસુ-૧-૧, બસુ -૨ - ૧, ચિત્રોડા - ૪, ધોતા-૨, સલેમકોટ-૨, કોલેડા - ૧, સીસરાણા - ૩, ચંગવાડા - ૪, શેરપુરા (મ) - ૩, વડગામ - ૩, છાપી - ૪, પસવાદળ - ૪, બાવલચુડી- ૨,

અનુસંધાન પાના નં.૬

# થરાદ દેનાબેન્કના એટીએમ તુંટ્યુ : પ્રિન્ટર ચોરી ગયા



વિષ્ણુ દવે

પ્રતિ. થરાદ

થરાદ શહેરમાં વિજય બિઝનેશ સેન્ટરમાં દેના બેન્ક આવેલી છે. જેની નીચે એટીએમ આવેલું છે. આ એટીએમ પર બે સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવે છે.

જો કે રવિવાર હોઈ ગ્રાહકો માટે એટીએમ ખુલ્લું મુકવામાં આવેલ હતું ને રાત્રીએ એક અજાણ્યો ઈસમ એટીએમ તોડી અંદર રૂપિયા ના મળતાં આખરે ૪૫ હજારની કિંમતનું પ્રિન્ટર લઈ ફરાર થઈ ગયો હતો. જેની જાણ બીજા દિવસે એટીએમ તુટેલી હાલતમાં બેન્ક મેનેજરને થતાં સી.સી.ટીવી ચેક કરતાં એક યુવક એટીએમ તોડતાં અબાદ ઝડપાઈ જતાં, તેની સીડી બનાવી બેન્ક મેનેજર રામચંદ્રભાઈએ થરાદ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. થરાદ પંથકમાં અજાણ્યા તસ્કરો બેફામ બનતાં શહેરીજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. અજાણ્યા તસ્કરો શહેરમાં એક પછી એક ચોરીને અંજામ આપી રહ્યો હોવાથી સતર્ક બને તેવી માંગ ઉઠી હતી.

# મોદી ૧૬મીએ વિદ્યાર્થીને જરૂરી માર્ગદર્શન આપશે

અમદાવાદ

પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થઓ માનસિક તાણ અનુભવતા હોય છે ત્યારે આ વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે અને તેમનામાં આત્મવિશ્વાસનું સિંચન થાય તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬મી ફેરુઆરી ૨૦૧૮ના રોજ બપોરે ૧૧થી ૧૨ કલાક દરમિયાન આ વિષય અંગે વિડિયો કોન્ફરન્સ કરનાર છે. વડાપ્રધાન આ વિડિયો કોન્ફરન્સ દ્વારા ધોરણ ૬થી ૧૨ના અને કોલેજના વિદ્યાર્થીઓને વિડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધી માર્ગદર્શન આપી તેમનામાં આત્મવિશ્વાસનું સિંચન કરશે.

અનુસંધાન પાના નં.૬

# બર્ડ હિટથી પ્લેનનું એન્જિન બંધ થતાં ઇમરજન્સી લેન્ડીંગ

અમદાવાદ

અમદાવાદથી દિલ્હી જતી ગો એરની ફલાઇટને આજે વહેલી સવારે બર્ડ હિટ નડી જતાં પ્લેનનું એન્જિન બંધ થઇ ગયુ હતું, જેના કારણે પ્લેનમાં બેઠેલા પ્રવાસીઓના જીવ પડીકે બંધાયા હતા, બીજીબાજુ, ફલાઇટના પાયલોટે સમયસૂચકતા દાખવી પંદર મિનિટમાં જ ફલાઇટ પાછી વાળી ઈમરજન્સી લેન્ડીંગ કરાવતાં મોટી દુર્ઘટના ટળી ગઇ હતી. પ્રવાસીઓએ જીવ બચી જતાં રાહતનો દમ લીધો હતો પરંતુ ત્યારબાદ નવી ફલાઇટ કે જવા માટેની અન્ય કોઇ વૈકલ્પિક સુવિધા ઉપલબ્ધ નહી બનાવાતાં પ્રવાસીઓએ અમદાવાદ એરપોર્ટ પર જોરદાર હોબાળો મચાવ્યો હતો. એક તબક્કે એરપોર્ટ ઓથોરીટી સહિતના સત્તાધીશોને દરમ્યાનગીરી કરી મામલો થાળે પાડવાની ફરજ પડી હતી. જો કે, બર્ડ હિટની આજની ઘટનાને પગલે વહેલી સવારે એરપોર્ટ પર ભારે ઉત્તેજના અને હોબાળાના દ્રશ્યો જોવા મળ્યા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, અમદાવાદ એરપોર્ટ પરથી આજે સવારે ગો એરની અમદાવાદથી દિલ્હી જતી ફલાઇટ સવારે ૮-૨૫ મિનિટે ટેક ઓફ થઇ હતી, ફલાઇટ જેવી ઉડીને હવામાં પહોંચી કે, થોડીવારમાં અચાનક જ કયાંકથી કોઇ પક્ષી આવીને ફલાઇટ સાથે અથડાયું હતું. જેના કારણે ફલાઇટનું ડાબી બાજુનું એન્જિન બંધ પડી ગયું હતું. એન્જિન બંધ પડતાં પાયલોટ પણ સહેજ ગભરાઇ ગયો હતો, તો બીજીબાજુ, ફલાઇટમાં બેઠેલા પ્રવાસીઓના જીવ પડીકે બંધાયા હતા. જો કે, ફલાઇટ હજુ બહુ આગળ નહી ગઇ હોવાથી પાયલોટે સમયસૂચકતા દાખવી તરત જ એરપોર્ટ ટ્રાફિક કંટ્રોલ(એટીસી)ને જાણ કરી હતી અને ઈમરજન્સી લેન્ડીંગ માટે પરવાનગી માંગી હતી. ત્યારબાદ ગો એર ફલાઇટનું તાત્કાલિક અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડીંગ કરાવવામાં આવ્યું હતું અને મોટી દુર્ઘટના સર્જાતા ટળી ગઈ હતી.

**થરા નગરપાલિકા - થરા**

**ટેન્ડર નોટીસ**

આથી રસ ધરાવતી કંપનીઓને જણાવવાનું કે નગરપાલિકા તરફથી નીચે જણાવેલ કામ માટે પોતાના લેટરપેડ ઉપર અરજી કરી તા.૦૮/૦૨/૨૦૧૮ થી તા. ૧૫/૦૨/૨૦૧૮ સુધીમાં ટેન્ડર કોપી નગરપાલિકા કચેરીએથી મેળવી તા. ૨૦/૦૨/૨૦૧૮ સુધીમાં મળી જાય તે રીતે ભાવો મોકલી આપવા જણાવવામાં આવે છે. બંધ કવર ઉપર કામનું નામ તથા મોકલનારનું પુરૂ સરનામું લખી ચીફ ઓફીસર થરા નગરપાલિકા જિ.બનાસકાંઠાના સરનામે રજી.એ.ડી.થી સ્પીડ પોસ્ટ મારફતે મોકલી આપવાના રહેશે.

નીયત સમય મર્યાદા બાદ અમાન્ય ગણવામાં આવશે. નીયત સમય મર્યાદામાં આવેલ ભાવ ભાવપત્રકો પૈકી કોઈપણ અથવા તમામ ભાવ કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય નામંજુર કરવાના અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

| અ.નં. | કામનું નામ | ટેન્ડર ફી |
|---|---|---|
| ૧. | ૧૨ લીટર કેપેસીટી ડસ્ટબીન (ગ્રીન કલર) | ૧૫૦૦/- |
| ૨. | ૧૨ લીટર કેપેસીટી ડસ્ટબીન (વાદળી કલર) | ૧૫૦૦/- |
| ૩. | થરા ન.પા. વિસ્તારમાં ભુગર્ભ ગટર મેન્ટેનન્સ નિભાવણી તથા જાળવણીનું વાર્ષિક ભાવનું કામ | ૨૦૦૦/- |

કલ્પેશ પી.ભટ્ટ, ચીફ ઓફીસર, થરા નગરપાલિકા
ધીરજભાઈ કે. શાહ, ઉપપ્રમુખ, થરા નગરપાલિકા
વિનોદજી આર.ઠાકોર, પ્રમુખ, થરા નગરપાલિકા

**ગુજરાત રાજય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લી.**

**થરાદ શાખા, જિ.બ.કાં.**

**મુદત વીતી બાકીદારો જોગ જાહેર નોટીસ**

આ બેંકની થરાદ શાખાના નીચેના આસામીઓએ ખેતી વિકાસ માટે બેંકમાંથી મેળવેલ લોનના હપ્તાઓ સમયસર ન ભરતા મોટી રકમો મુદત વીતી બાકી થયેલ છે. આ ચડત હપ્તાઓ વસુલ કરવા બેંક તરફથી અનેકવાર રૂબરૂ તાકીદ કરવા ઉપરાંત લેખીત નોટીસ પણ આપેલ છે. છતાં બાકીદારોએ રકમ ભરવા દરકાર કરેલ નથી. જેમના સરકારી કાયદાની કલમ ૧૩૯ મુજબ વસુલાત અર્થે રજીસ્ટ્રારશ્રી તરફથી સર્ટીફિકેટ પણ ઈસ્યુ થયેલ છે. સબબ બાકીદારોએ કરી આપેલ જમીનના ગીરોખત મુજબની જમીનની જાહેર હરાજી કરી વસુલ કરવાનું આવશ્યક બને છે.

હરાજીમાં જમીનના માગણીદાર ન થવાના પ્રસંગે નામદાર સરકારશ્રી તરફથી જમીન ખરીદી સરકાર હેડે દાખલ કરવાની અને જરૂર જણાએ બાકીદાર સામે વોરંટ કઢાવીને લેણુ વસુલ ન થાય ત્યાં સુધી જેલમાં મોકલવાની પણ લેન્ડ રેવન્યુ કોડની કલમ નંબર ૧૫૭ મુજબની જોગવાઈ છે.

જો આ બાકીદાર જાહેરાત આપ્યાના પંદર દિવસમાં આ રકમ બેંકની થરાદ શાખાએ જમા કરાવવામાં નિષ્ફળ જશે તો બેંકને નીચે દર્શાવેલ બાકીદારો સામે સજાઈના પગલા જેવા કે જપ્તી, હરાજી અને ધરપકડ વોરંટની કાર્યવાહી સહકારી કાયદાની કલમ ૧૩૪, ૧૩૯ તથા ૧૫૭ મુજબ કાર્યવાહી કરવાની ફરજ પડશે. જેની નોંધ લેશો.

સભ્યશ્રીના નામ સામે દર્શાવેલ રકમ ઉપરાંત નોટીસ ફી, ખડેલ મુદતનું વ્યાજ, દંડનીય વ્યાજ, સરચાર્જ, રીકવરી ખર્ચ વગેરે રકમ અલગથી ભરવાની થાય છે. આ જાહેરાતનો ખર્ચ તમારી કસુરના કારણે થયેલ હોઈ તમારે ભોગવવાના રહેશે.

| અ.નં. | બાકીદારનું નામ | ગામ | હેતુ | ખા.નં. | રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ગણેશભાઇ તેજાભાઇ પટેલ | સેદલા | કા.હા.મ.રી | ૩૨૧૩/૩૨૧૪ | ૫,૪૫,૦૦૦/- |
| ૨ | રગાજી ઉકાજી પટેલ | દિપડા | ફાર્મ હાઉસ | ૩૩૧૧ | ૩,૦૧,૦૬૪/- |
| ૩ | કાસમભાઇ લાઢુભાઇ સિપાઇ | ખારાખોડા | કે.વી.એલ | ૧૧૧ | ૫,૩૪,૨૬૬/- |
| ૪ | હકમાજી ભાણાજી પટેલ | મિયાલ | ફા.હા.કે.વિ.સિ | ૩૨૭૪/૩૩૪૨ | ૨,૦૦,૦૦૦/- |
| ૫ | ખેમાભાઇ સવજીભાઇ પટેલ | પિલૂડા | કે.વી.એલ | ૧૦૧ | ૫,૦૮,૬૦૭/- |
| ૬ | હરજીભાઇ ખુમાભાઇ વજીર | પિલૂડા | ટ્રેક્ટર | ૧૭૫૭ | ૬,૫૮,૦૬૨/- |
| ૭ | વરજાંગભાઇ જીતાભાઇ ઠાકોર | પિલૂડા | કે.વી.એલ | ૧૩૦ | ૩,૨૫,૦૦૦/- |
| ૮ | વિહાજી કેશરસિંગ ચૌહાણ | પિલૂડા | કે.વી.એલ | ૧૩૩ | ૩,૮૫,૮૬૧/- |
| ૯ | રત્નાભાઇ રણછોડભાઇ પટેલ | પિલૂડા | કે.વી.એલ | ૯૨ | ૪,૫૩,૩૫૬/- |
| ૧૦ | પોપટભાઇ ઠાકરશીભાઇ ઠાકોર | પિલૂડા | ટ્રેક્ટર /કે.વી.એલ | ૩૦૩૫/૯ | ૬,૮૦,૨૦૨/- |
| ૧૧ | દલાભાઇ રગનાથભાઇ નાઇ | વળાદર | ફાર્મ હાઉસ | ૩૩૮૦ | ૧,૯૩,૫૬૮/- |
| ૧૨ | બાબુભાઈ શંકરભાઇ વાહણ | ભુરીયા | ફાર્મ હાઉસ | ૩૩૭૩ | ૨,૨૯,૪૯૧/- |
| ૧૩ | નાગજીભાઇ શંકરભાઇ વાહણ | ભુરીયા | ફાર્મ હાઉસ | ૩૩૭૪ | ૨,૨૯,૪૯૧/- |
| ૧૪ | આચુભાઇ હંસાજી પુરોહિત | ડુવા | ફાર્મ હાઉસ | ૩૦૨૧ | ૧,૫૨,૪૨૯/- |
| ૧૫ | હેદુસિંગ જબરસિંગ વાઘેલા | રાહ | ફાર્મ હાઉસ | ૨૭૩૧ | ૧,૭૭,૮૦૦/- |
| ૧૬ | પરાગજી ભેમજી પટેલ | જાડરા | શેલો ટ્યુબવેલ | ૧૪૯૨ | ૩,૮૮,૬૦૮/- |
| ૧૭ | ભારજી નથાજી કોળિ | અસારાણ | શેલો ટ્યુબવેલ | ૧૭૬૨ | ૬,૧૨,૭૩૧/- |
| ૧૮ | જેશાભાઇ મશરૂભાઇ ઠાકોર | કોસલા | ફાર્મ હાઉસ | ૩૪૦૯ | ૫,૦૨,૩૦૪/- |
| ૧૯ | મોતિસિંગ કેશરસિંગ ચૌહાણ | લેંડાઉ | ફાર્મ હાઉસ | ૩૨૭૧ | ૨,૬૩,૦૫૯/- |
| ૨૦ | શંકરજી વાઘાજી રાજપૂત | ભોરલ | ટ્રેક્ટર | ૧૯૮૮ | ૧૨,૫૦,૦૦૦/- |
| ૨૧ | રગનાથજી કલજી પટેલ | થરા | કે.વી.એલ/કે.વિ.સિ | ૧૦૦/૩૩૪૦ | ૭,૨૨,૪૩૨/- |
| ૨૨ | ભેરાજી અચલાજી ડોડ | થરા | કે.વી.એલ | ૧૦૯ | ૩,૪૦,૦૦૦/- |
| ૨૩ | રામાજી અખાજી રાજપૂત | ચારડા | દ.પશુ | ૨૪૭૩ | ૪,૬૪,૭૪૧/- |
| ૨૪ | વાઘાભાઇ દાનાભાઇ પટેલ | લોહનોર | ટ્રેક્ટર | ૩૦૪૨ | ૨,૯૧,૫૦૭/- |
| ૨૫ | મેવાભાઇ માનશેંગભાઇ રબારી | મોરીલા | થ્રેસર / ફા.હા | ૨૫૨/૨૮૨૬ | ૩,૮૭,૧૫૯/- |
| ૨૬ | ગગલભાઇ કોહળાભાઇ નાઇ | મલુપુર | કે.વી.એલ | ૯૬ | ૨,૮૨,૦૩૮/- |
| ૨૭ | લેરાજી લીલાજી ઠાકોર | શણાવીયા | ટ્રેક્ટર | ૨૮૪૩ | ૧૨,૭૦,૦૦૦/- |
| ૨૮ | જગલબેન બબાભાઇ રબારી | મોરીલા | થ્રેસર | ૨૬૮ | ૨,૧૭,૨૪૭/- |
| ૨૯ | રગનાથજી પ્રભુજી માળી | મોરથલ | ફાર્મ હાઉસ | ૩૩૯૫ | ૧,૦૪,૭૭૮/- |
| ૩૦ | નારણજી સદાજી ચૌહાણ | થરા | ફાર્મ હાઉસ | ૩૩૬૧ | ૩,૨૩,૫૯૧/- |
| ૩૧ | રામાજી ઉદાજી માળી | ડેડુવા | ફાર્મ હાઉસ | ૩૧૬૮ | ૨,૮૦,૩૬૮/- |
| ૩૨ | ચેલાભાઇ ખેમશીભાઇ પટેલ | થેરવાડા | ફાર્મ હાઉસ | ૩૧૭૩/૩૩૧૬ | ૩,૩૬,૪૬૨/- |
| ૩૩ | માનાભાઇ વિરાભાઇ પટેલ | જાંણદી | ફાર્મ હાઉસ | ૩૨૫૯ | ૩,૬૮,૩૫૧/- |
| ૩૪ | હજુરજી કાળાજી કોળી | ઉંટવેલીયા | ફાર્મ હાઉસ | ૩૪૦૦ | ૩,૧૦,૨૫૪/- |
| ૩૫ | મીરખાનજી કાળાજી ઠાકોર | ઘોડાસર | ટ્રેક્ટર | ૨૮૩૦ | ૮,૫૦,૮૯૫/- |
| ૩૬ | જેમલભાઇ લખીરામભાઇ વાહણ | વેદલા | ફા.હા. | ૩૪૧૪ | ૧,૪૩,૫૩૮/- |

વિશેષ નોંધ : વાહનો, ટ્રેક્ટર, સાધનો વગેરેના કિસ્સામાં બાકીદારો તેમની બાકી નીકળતા લેણાની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ જશે તો તેઓના વાહન બેંકની માન્ય એજન્સી દ્વારા જપ્ત કરી પરત ખેંચી સીઝ કરવામાં આવશે તે અંગે થનાર ખર્ચ ગોડાઉન ભાડુ વગેરે તમામ ખર્ચ બાકીદારે ભોગવવાનો રહેશે અને તે હરાજી કરતા જે રકમ ઉપજશે તે તેમના લોન ખાતામાં જમા કરવામાં આવશે. વસુલ કરવાની બાકી રકમ જમીનની હરાજી કરી વસુલ કરવામાં આવશે. જેની નોંધ લઈ બાકી રકમ સત્વરે ભરી જઈ તમારી ક્રેડીટને સાચવી રાખશો. અન્ય બાકીદારોની યાદી હવે પછી પ્રસિધ્ધ થશે.

વ્યાજ માફીનો લાભ મેળવવા બેંકની વન ટાઈમ સેટલમેન્ટ યોજના તા.૩૧/૦૩/૨૦૧૮ સુધી લંબાવેલ છે. જેનો લાભ લેવા વિનંતી

(પી.એન.વાઘેલા) બ્રાન્ચ મેનેજર, થરાદ શાખા
(હિરેન એમ.જોષી) જીલ્લા મેનેજર, બનાસકાંઠા

# તંત્રી સ્થાનેથી ...

### શીલ શ્રેષ્ઠ આભુષણ છે.

## રાજ્યમાં સિંચાઈ અને પીવાના પાણીનો પ્રશ્ન ગંભીર બનવાની સંભાવના

સરકાર જો કૃષિ બાબતે બેધ્યાન રહેશે તો સમગ્ર દેશમાં અનાજ ઉત્પાદનમાં ઘટાડો થઈ જશે અને પરિસ્થિતિ એવી પેદા થશે કે અનાજની જરૂરિયાત માટે વિકાસશીલ રાષ્ટ્રો તરફ હાથ લંબાવવો પડશે. ત્યારે હવે ગુજરાતમાં સિંચાઈ અને પીવાના પાણીના પ્રશ્ને સરકારમાં કોઈ ગંભીરતા જણાતી નથી. કેમ કે સરકાર ખુદ કહે છે કે ઉનાળુ ખેતી કરતા નહિં, નર્મદામાં હવે પાણી નથી તો પછી પાણી ગયું ક્યાં?

રાજ્યમાં સિંચાઈ અને પીવાના પાણીના પ્રશ્ને કેન્દ્ર સરકારે દરમ્યાનગીરી કરવી જોઈએ. ખેતી જ જો બંધ રહેશે તો આવશ્યક ચીજવસ્તુઓના ભાવ પણ આસમાને જશે અને સંઘરાખોરોને જલસા થઈ પડશે તે વાત પણ ચોક્કસ છે. રાજ્યમાં હજારો કેનાલો દ્વારા સિંચાઈ માટે નર્મદાનું પાણી ઉપલબ્ધ થતું હતું. છેક નાનામાં નાના ગામડાના ખેડુતોને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થતું હતું.

ગુજરાતમાં જે ઊંડાણવાળા ગ્રામ્ય વિસ્તારો છે. ત્યાં તો હવે ખેતી માટે તો ઠીક પરંતુ પીવાના પાણીનો પ્રશ્ન પેચીદો બની રહેવાનો. ગ્રામ્ય જનતા અન્ય સ્થળે સ્થળાંતર કરે તેવી દહેશત જણાય છે.

તાજેતરમાં રાજધાની દિલ્હી ખાતે નાણાંમંત્રી અરૂણ જેટલીએ રજુ કરેલા બજેટમાં ખેડુતો માટે ઘણી બધી સવલતો જાહેર કરી છે. એવું લાગે છે કે નાણાંમંત્રી ખેડુતો જાણે વરસી ગયા હોય, નાણાંમંત્રીએ ટેકાના ભાવમાં દોઢ ગણો વધારો કરી દીધો છે. એપીએમસી અને ગ્રામીણ કૃષિ માળખાને વિકસાવવા સરકાર ૨૦૦૦ કરોડનું ભંડોળ ઉભું કરશે, અને ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન ઉભુ કરશે અને ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા મહિલા સેલ્ફ હેલ્થ જૂથને મદદ કરાશે. ફુડ પ્રોસેસિંગનું બજેટ બમણુ કરાયું છે. ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશનને પ્રોત્સાહન અપાશે. આ માટે ૫૦૦ કરોડ ફાળવાયા છે. પરંતુ દેશભરમાં કૃષિ ઉત્પાદન વધે તે માટે જરૂરી સિંચાઈના પાણીનો પ્રશ્ન સરકારે હલ કરવો પડશે. નહિં તો ગરીબ કિસાનોને છેવટે આત્મહત્યાનો માર્ગ અપનાવવો પડશે.

ખેડુતોને ખેતી માટે બીજવારો, ખાતર, કૃષિ, દવાઓ, ઈંધણ, મજુરી અને સિંચાઈ માટેના જરૂરી ખર્ચ સરકાર દ્વારા મળવો જોઈએ. ત્યારે હવે સિંચાઈ માટેના પાણીના પ્રશ્ને ખેડુત સંગઠનો ચક્કાજામ કાર્યક્રમો કરે કે સરકારી કચેરીઓ આગળ ધરણાં યોજે પણ તેનાથી કોઈ જ અસર સરકારને થવાની નથી. કેમ કે કૂવામાં હશે તો આવડામાં પાણી આવશે! આ એક સત્ય બાબત છે. ટેકાના ભાવ દોઢ ગણા કરવાની જાહેરાત કરવાથી ખેડુતોની આવક બમણી નહિં થાય. આ માટે નક્કર પગલાંની સાથે રાજકીય ઈચ્છાશક્તિ પણ અત્યંત જરૂરી છે. ત્યારે હવે કૃષિ ઉત્પાદન વધારવા અને ગુજરાતમાં સિંચાઈના પાણીના પ્રશ્ને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે જરૂરી ચર્ચા- વિચારણા થાય તે અગત્યની બાબત છે. ગુજરાતની જનતાને પણ અત્યાર સુધી નર્મદાનું પાણી ઉપલબ્ધ થતું હતું. તેમાં પણ ટકાવારી ઘટશે. તેથી પીવાના અને સિંચાઈ માટે સરકારે માસ્ટર પ્લાન વિચારવો પડશે. માત્ર ચર્ચાઓ અને નિવેદનોથી જનતાનું કે ખેડુતોનું ભલુ થઈ શકશે નહિં!!

## એફજીએમ પ્રત્યે જાગરૂકતા ફેલાવવા દાઉદી બોહરા મહિલાઓએ ચાર શહેરોમાં અભિયાન ચલાવ્યું

દાઉદી બોહેરા વિમેન્સ એસોસિએશન ફોર રિલિજિયસ ફ્રીડમ (ડીબીડબલ્યુઆરએફ)ની રાજકોટ, મુંબઈ, ઈંદોર અને અમદાવાદ સ્થિત શાખાઓના સભ્યો ફીમેલ જેનિટલ મ્યુટિલેશન (એફજીએમ) પ્રત્યે જનતામાં જાગૃતિ ફેલાવવા એક છત હેઠળ એકઠાં થયા હતાં. દાઉદી બોહરા વિમેન્સ એસોસિએશન ફોર રિલિજ્યસ ફ્રીડમ એક એવી સંસ્થા છે જે દાઉદી બોહરા સમુદાયની મોટાભાગની મહિલાઓના અવાજનું પ્રતિનિધિત્વ કરવા એકઠી થઈ છે. વતર્માનમાં સંસ્થાના સક્રિય સમર્થકોની સંખ્યા ૬૫,૦૦૦થી પણ વધુ છે. આ જાગરૂકતા અભિયાન (એક દેશવ્યાપી ઉપક્રમ) મહિલા અંગછેદન (એફસી, જેને ખફ્જ પણ કહે છે) અને એફજીએમ વચ્ચેના તફાવતને લઈ વિચાર-વિમર્શ તથા વાતચીતને પ્રોત્સાહન આપવાની દિશામાં કામ કરશે. ખફ્જ દાઉદી બોહરા સમુદાયની એક પીડા વિનાની સાંસ્કૃતિક તેમ જ ધાર્મિક પ્રથા છે. અભિયાન દરમિયાન ઈન્ટરનેશનલ ડે ઓફ ઝીરો ટોલરન્સ ફોર ફીમેલ જેનિટલ મ્યૂટિલેશન પણ મનાવવામાં આવ્યો હતો. આ સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા પ્રાયોજિત દિવસ છે જે સંપૂર્ણ વિશ્વમાં એફજીએમ બાબતે જાગરૂકતા ફેલાવવાના ઈરાદા સાથે ઉજવવામાં આવે છે.ઈન્ટરનેશનલ ડે ઓફ ઝીરો ટોલરન્સ ફોર ફીમેલ જેનિટલ મ્યૂટિલેશનના અવસર પર અમે દેશના વિવિધ ભાગોમાં એકઠાં થયાં હતાં. આ માત્ર એફજીએમ બાબતે જાગૃતિ ફેલાવવાના હેતુથી નહીં પણ અમારે એ પણ સ્થાપિત કરવું હતું કે દાઉદી બોહરા સમુદાયની એક સુરક્ષિત સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રથા ખફ્જ એફજીએમથી તદ્દન અલગ છે.

**આત્મચિંતન**

## પોતાની સાથે સદવ્યવહાર કરો

જ્યારે તમે ઈશ્વરના પ્રતિનિધિ છો, સર્વોચ્ચ વિભૂતિના પૂંજ છો તો તમને શું અધિકાર છે કે તમે પોતાની જાતને દીન-હીન કે અભાગિયા સમજો ? ઈશ્વરનું અપમાન તમે ના કરી શકો. ઈશ્વરતત્વના સંબંધે આપના લોહીમાં પ્રવાહિત છે.

પોતાની સાથે સારો વ્યવહાર કરો. તમે બીજાની ભલાઈ ઈચ્છો છો. પોતાના પુત્રના શિક્ષણ સ્વાસ્થ્ય, પ્રસિદ્ધિ, હિત માટે એડી ચોટી સુધી જોર લગાવી દો છો, પત્ની, પુત્રો અન્ય સંબધિઓની હિત ચિંતામાં હંમેશા મગ્ન રહો છો. બીજાના હિત-ચિંતનમાં રહેવું સારૂ છે, પરંતુ તેનાથી ઉત્કૃષ્ઠ માર્ગ તો એ છે જેના દ્વારા તમે સ્વયં પોતાના વિષયમાં હિત ચિંતન કરે છે.

બીજાનું ખરાબ કરવું તેને તમે પાપ કહો છો, તેને તમે ઘૃણાની દ્રષ્ટિથી દેખો છો. પરંતુ જ્યારે તમે પોતાના વિષયમાં નિદનીય વિચાર રાખો છો. એ તો એનાથી પણ વધાર મોટુ પાપ છે. બીજાઓના માટે થતું પાપ તમે દેખ્યું પણ પોતાના માટે કરેલું પાપ નજરમાંથી આવતું. અંતરદ્રષ્ટિથી અંતરાત્મા તેને દેખે છે. તે ક્યારેક ક્યારેક તમને ધિક્કારે પણ છે, તેના નિદર્શનો પર ધ્યાન ના આપવાથી તે ક્ષીણ થઈ જાય છે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## કેલ્કો પોલી ટેકનીક, માસ્ટર ઈન એફિશિયન્સી.. લીડર ઈન ડિલિવરી!



અમદાવાદ

કેલ્કો પોલી ટેકનીક ભારતની સૌથી ઝડપથી વિકસતું સાહસ છે જે તેના ગ્રાહકોને વેલ્યુ એડેડ પ્રોડક્ટ્સ, સર્વિસિસ અને ઈનોવેટિવ સોલ્યુશન્સ વિવિધ માર્કેટ વર્ટિકલ્સમાંના પ્રોડક્ટ ડેવલપમેન્ટ માટે આપે છે. કેલ્કો એક્સપોર્ટ તેની પ્રોડક્ટસની વિશાળ રેન્જ સાર્ક, સાઉથ ઈસ્ટ એશિયા અને યુરોપીયન દેશોમાં નિકાસ કરે છે.પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રી માટે ગ્લોબલ સોલ્યુશન્સ આપવામાં પુરોગામી

મલ્ટીપલ ઈન્ડસ્ટ્રીઝ જેમકે ઓટોમોટિવ અને ઈલેક્ટ્રીકલ તથા ઈલેક્ટ્રોનિક એપ્લાયન્સીસ સહિત અન્ય ઈન્ડસ્ટ્રીઝ સાથે વૈવિધ્યપૂર્ણ પ્રોડક્ટ રેન્જ!કેલ્કો તેની પ્રોડક્ટ્સની વિશાળ રેન્જ સાર્ક, સાઉથ ઈસ્ટ એશિયા અને યુરોપીયન દેશોમા નિકાસ કરે છે એએસટીએમ માપદંડ પ્રમાણે વિશ્વકક્ષાની ટેસ્ટીંગ લેબ. આઈએસઓ/આઈએસઓ ૧૬૯૪૯ ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમથી પ્રમાણિતકેલ્કો ગ્રૃપ ૭ થી ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૮ દરમિયાન આયોજિત પ્લાસ્ટઈન્ડિયામાં ગાંધીનગર, અમદાવાદ, ભારત (હોલ નં. ૨, સ્ટોલ નં. એચટીસી૭) ખાતે સામેલ છે. ૧૯૯૯, કેલ્કો ગ્રૂપ દ્વારા સુપિરિયર પ્રોડક્ટ ક્વોલિટી જાળવવા અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટની નવી તકો શોધવા માટે લક્ષ આપે છે. કેલ્કો હાઈ પર્ફોર્મન્સ પોલિમર્સ, કલર અને એડિટિવ્સ સોલ્યુશન્સની સંપૂર્ણ રેન્જ દ્વારા સૌથી મહત્ત્વપૂર્ણ ઓપરેશનલ રિક્વાયરમેન્ટ્સ અને ટેકનીકલ સ્પેસિફિકેશન્સ આપે છે. સ્લીમલાઈન, હાઈ ડિગ્રી ઓટોમેશન અને ફલેક્સીબલ યુટિલાઈઝેશન પ્રોડક્શન સુવિધા પર મેન્યુફેક્ચરીંગ પ્રોસેસ નિર્ભર છે. કેલ્કો કુદરતી સંસાધનોનો ઉપયોગ કરે છે. તેથી નવો પ્લાન્ટ ઈકો ફ્રેન્ડલી સોલ્યુશન્સ આપે છે અને સોલાર પાવર્ડ રહેશે અને સાથે તે ક્લીન એનર્જી જનરેશન કન્સેપ્ટ પાણીના સ્ત્રોતોના પુનઃ ઉપયોગનો કન્સેપ્ટ ધરાવે છે.

## ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સમાં તમિલનાડુની સુમાથિરાએ એથ્લેટિક્સમાં છેલ્લા દિવસે બે સ્વર્ણ મેડલ જીત્યા



તમિલનાડુની સુમાથિરા બાલાકૃષ્ણને શનિવારે ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સની એથ્લેટિક્સ પ્રતિયોગિતાના છેલ્લા દિવસે બે સ્વર્ણ મેડલ પોતાના નામે કર્યા. ૧૭ વર્ષની આ ધાવિકાને છોકરીઓની ૪૦૦ મીટર રેસ ઉપરાંત પોતાના સાથે મળીને ૪ ગુણા ૪૦૦ મીટર રિલમાં પણ પહેલું સ્થાન મેળવ્યું. સુમાથિરાએ જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં ૪૦૦ મીટરનું અંતર ૫૬.૩૯ સેકન્ડમાં પુરું કર્યું અને પોતાને આ સ્પર્ધામાં દેશના નવા છોડના રૂપમાં સામેલ કર્યા. આનું કારણ એ છે કે સુમાથિરા સિવાય આ સ્પર્ધાની ફાઈનલમાં દોડવાવાળી બાકી છ સ્પર્ધકો ૬૦ સેકન્ડથી વધારેનો સમય લીધો હતો. તેની સાથે સુમાથિરાએ ભવિષ્યમાં ભારતની ૪ ગુણા ૪૦૦ મીટર રિલે ટીમના ફરીથી સશક્ત હોવાનો સંકેત આપ્યો.સુમાથિરાએ શનિવારે પોતાનો જ રેકોર્ડ સારો કર્યો. એસજીએફઆઈ નેશનલ યૂ – ૧૯ રોહતકમાં સુમાથિરાએ ૫૬.૪૫ સેકન્ડનો સમય નિકાળ્યો હતો. આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને કેરલના છોકરાના ૪૦૦ મીટર સ્પર્ધામાં ક્લીન સ્વીપ કર્યા. આંધ્રના ધનુષ કુમારે ૪૯.૦૫ સેકન્ડની સાથે આ સ્પર્ધામાં સ્વર્ણ જીત્યા જેમ કે તેલંગાણાના ડી. શ્રીકાંતે ૪૯.૦૯ સેકન્ડની સાથે રજત જીત્યો. કેરલના ટીકે સાયોજે ૪૯.૭૫ સેકન્ડની સાથે ત્રીજો નંબર મેળવ્યો હતો.મધ્યમ અંતર અને લાંબા અંતરની રેસોમાં સારૂ કરવાવાળા ઉત્તરાખંડના બાળકોને ૫૦૦૦ મીટર પૈદલ ચાલમાં પણ સારૂં પ્રદર્શન કર્યું. પરમજીત બિષ્ઠ અને મુકેશ કુમારે પરચમ લહરાવીને ક્રમશઃ ૨૧.૧૯.૮૪ મિનિટ અને ૨૧.૨૬.૭૧ મિનિટની સાથે પહેલું અને બીજું સ્થાન મેળવ્યું.

## કોહલેર ગુજરાતમાં સ્વચ્છ ભારત અભિયાન સાથે ભાગીદાર છે




સ્વચ્છ ભારત અભિયાનના સમર્થનમાં, સ્વચ્છ ભારત બનાવવા માટે ભારતની પહેલ, કોહલેરે બે ગામો, રાંદેરી અને નવાગામ, સંપૂર્ણ રીતે ખુલ્લા શૌચાલયથી મુક્ત બને તે માટે મદદ કરવાં ગુજરાતમાં સ્થાનિક સરકારી સંસ્થાઓ સાથે ભાગીદારી કરી છે. સ્થાનીય સરકાર અને ઝગડિયા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના સહયોગથી, કોહલેરે ક્રમશઃ ૪૪૭ અને ૯૦૦ની વસ્તી ધરાવતાં બે ગામડાંઓ રાંદેરી અને નવાગામને ખુલ્લા શૌચાલય મુક્ત બનાવવા માટે ૨૦૦ શૌચાલયો બનાવ્યાં છે.આ ગામડાંઓ કોહલેર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટથી ૫ કિલોમીટરના અંતરમાં સ્થિત છે.આ બન્ને ગામોમાં મોટા ભાગના રહેવાસીઓ ખેડૂતો છે અને તેમનામાં મૂળભૂત સ્વચ્છતાનો અભાવ છે. ક્વોલિટી કન્સ્ટ્રક્શન અને કોમ્યુનિટી માટે કૃપાળુ અનુભવને સુનિશ્ચિત કરવાં માટે સ્થાનિક સરકારી અધિકારીઓ અને વિલેજ ગવર્નિંગ બોડી કોહલેર ઈન્ડિયા ટીમ સાથે સંકળાયેલ છે.આ પ્રોજેક્ટ બંને ગામોમાં ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ પૂર્ણ થઈ ગયો છે.

## ભારતીય સંગીતની 'ગુરુ- શિષ્ય' પરંપરાની ઉજવણી કરવા માટે સિટી-એનસીપીએ લઈને આવ્યા છે આદિ અનંત સંગીત ઉત્સવની પોતાની સાતમી આવૃત્તિ



અમદાવાદ

સિટી-એનસીપીએ આદિ અનંત સંગીત ઉત્સવ કલાત્મક પરંપરાઓના માધ્યમથી શાશ્વતાની ધારણાનું યશગાન કરે છે. ભારતીય સંગીતની ગુરુ-શિષ્ય પરંપરાની ઉજવણી કરવા માટે સિટી-એનસીપીએ આદિ અનંત સંગીત ઉત્સવની પોતાની સાતમી આવૃત્તિ લઈને આવી રહ્યું છે. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૮, શનિવારના રોજ અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી કન્વેંશન એન્ડ એક્ઝિબિશન સેંટર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં વિશ્વ પ્રસિદ્ધ તબલાવાદક ઝાકિર હુસૈન અને પ્રખ્યાત બાસુરીવાદક રાકેશ ચૌરસિયા પોતાની કળાનું પ્રદર્શન કરશે.આ શાસ્ત્રીય સંગીત પ્રેમિયો માટે આ એક ખાસ અવસર હશે. આ સંગીત ઉત્સવ સિવાય, સિટી-એનસીપીએની ભાગીદારી યુગો જૂની ગુરુ-શિષ્ય પરંપરા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પહેલમાં નીચે જણાવેલ યોજનાઓનો સમાવેશ થાય છે, જે ભારતીય સંગીતના સંરક્ષણ અને પ્રચાર-પસાર પર સીધી અસર પાડે છે. દરેક પરિયોજના ભારતીય શાસ્ત્રીય સંગીતના વિકાસ, સંરક્ષણ અને પ્રચારને ગતિ આપવા માટે જમીની સ્તર પર ખૂબ ધ્યાનથી કામ કરે છે.યોજના- ૧ : ગુરુઓને સહાયતા : આ યોજના હેઠળ, પ્રત્યક્ષ શિક્ષણના પારંપરિક સ્વરૂપમાં ૩ સંભાવનાશીલ શિષ્યોને પ્રશિક્ષિત કરવા માટે ગુરુઓને નાણાકીય સહાય મળે છે. શિષ્યો માટે આ યોજના નિઃશુલ્ક છે. યોજના- ૨ : યુવા સંગીતકારો માટે સ્કોલરશીપ : આ યોજના હિન્દુસ્તાની સંગીત (ગાયન- ધ્રુપદ અને ખયાલ, વાદન- મેલોડી અને થાપ)ના ક્ષેત્રમાં પ્રતિભાશાળી શોખીનો (ઉંમર- ૧૮-૩૦ વર્ષ) માટે છે. આમાં એક લાઈવ ઓડિશનમાં પ્રદર્શનની ગુણવત્તાના આધાર પર વાર્ષિક કુલ નવ સ્કોલરશીપ આપવામાં આવે છે. યોજના- ૩ : સ્કૂલના બાળકો માટે પરિચયાત્મક સંગીત પ્રશિક્ષણ : આ યોજના દરેક પૃષ્ઠભૂમિઓ વાળા સ્કૂલના બાળકોને સંગીતથી જોડાવા માટે અવસર પ્રદાન કરવાની આકાંક્ષા રાખે છે.

## એન્ડ પિક્ચર્સ રજૂ કરે છે, બ્લોકબસ્ટર સાઈ-ફાઈ એનિમેટેડ ફિલ્મ 'બીઓવુલ્ફ' શુક્રવાર ૯મી ફેબ્રુ.ના રોજ સાંજે ૮ વાગ્યે




એકેડમી એવોર્ડ વિજેતા ડિરેક્ટર રોબર્ટ ઝેમેકીસ એક સ્વપ્રદ્રષ્ટા અને વિવેચનાત્મક રીતે વખણાયેલી સાહસ છે, જે તમે ક્યારેય પહેલા નહીં જોયું હોય. શ્રેષ્ઠ કલ્પના અને સાઈ-ફાઈ બંને સાથે આવી રહ્યું છે, બીઓવુલ્ફ એ એક જકડી રાખે તેવી એનિમેટેડ મૂવી છે, જે તમને કલ્પનાની દુનિયાથી પણ કંઈક આગળ લઈ જશે. ઓસ્કાર વિજેતા એન્થોની હોપકિંન્સ અને એન્જેલિના જોલી અભિનિત આ ફિલ્મમાં રે વિંગ્સ્ટોન, રોબિન રાઈટ પેન અને જ્હોન માલ્કોવિચને ચમકાવતી આ ફિલ્મ, એન્ડ પિક્ચર્સ પર, નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ પર બીઓવુલ્ફ શુક્રવાર ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ સાંજે ૮ વાગ્યે પ્રસારિત થશે. એક ઐતિહાસિક અંગ્રેજી કવિતા પર આધારીત બીઓવુલ્ફએ એક ભયંકર યોદ્ધા છે, જેની નિમણુંક એક કદરૂપા રાક્ષસ ગ્રેન્ડેલથી રાજ્યની રક્ષા કરવા માટે ડેનિશ રાજા દ્વારા કરવામાં આવી છે, પરંતુ આ ફક્ત ખરાખરીની જંગની શરૂઆત છે. બીવુલ્ફ માટે બીજા બે યુદ્ધો હજી પણ તૈયાર છે- જેમાંથી એક ગ્રેન્ડેલાની આકાર બદલતી માતા સાથે અને બીજું યુદ્ધ છે, એક ડ્રેગનની સાથે. અદ્દભુત વિઝ્યુઅલ્સ અને પ્રતિભાશાળી કલાકારોને લીધે બીવુલ્ફ તેની પુસ્તકમાં આવેલી કથાને પણ ભૂલાવી દે તેવું મૂવી છેઃ સંપૂર્ણ સિનેમેટિક મનોરંજન.

ખ્રિસ્તીના આવનારાની સામેનો સેટ છે, આ વાર્તા છેલ્લા હિરોની છેઃ ૫૦૭માં, ડેનિશ રાજા હોથગર (એન્થની હોપકિંસ)ના રાજ્યમાં રાક્ષસોએ કહેર વર્તાવ્યો હતો. તેમને ગ્રેન્ડેલ(ક્રિસ્પીન ગ્લોવર)ના મૃત્યુની સામે તો ઈનામ જાહેર કર્યું હતું. તો, બીવુલ્ફ એક મહાન યોદ્ધો ત્યાં તેના બહાદુર સૈનિકો સાથે આવે છે. બીવુલ્ફ તેની બધી તૈયારીઓ સાથે રાક્ષસની રાહ જૂએ છે અને બંનેની વચ્ચે એક યુદ્ધ ખેલાય છે, જ્યાં તે ગ્રેન્ડેલાને મારવાનો પ્રયત્ન કરે છે. આનાથી ગ્રેન્ડેલાની ડરેલી માતા પણ તેની સાથે લડવા માટે આવે છે. બીવુલ્ફ તેના ગામ હેરોટમાં પાછો ફરે છે અને રાજા બની જાય છે, વર્ષો વિતી જાય છે, પછી ફરીથી બીવુલ્ફને પોતાની નબળાઈનો સામનો કરવો પડે છે કારણકે, તેને અન્ય એક રાક્ષસની સામે લડવું પડે છે. બીવુલ્ફના જીવનનો આ નવો રાક્ષસ કોણ છે? અને રાજા હોથગરને શું થયું છે?

## રન ટુ એડલાઈફ - એક એવી દોડ કે જે કેન્સરપીડિતો, કેન્સરને પરાજિત કરનારાઓ, સંભાળ રાખનારાઓ અને જીવનના દરેક ક્ષેત્રના લોકોને પ્રેરણા આપે છે




એડલાઈફ ફાઉન્ડેશન ખાતે અમે કેન્સર પીડિતોને હિંમત, આશા અને સાહસ આપીએ છીએ કે જેથી તેઓ તેમના જીવનના નવા અધ્યાયો આલેખી શકે, તેમના આત્મવિશ્વાસને પુનઃસ્થાપિત કરી શકે અને તેઓ તેના પર વિજય મેળવવા માટેનું પ્રથમ કદમ આરોગ્ય અને ખુશી તરફનું ભરી શકે એ માટેની ઈચ્છાશક્તિ આપીએ છીએ. આવી જ ભાવના સાથે અમે રન ટુ એડ લાઈફ - એક અનોખી દોડનું આયોજન ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ રવિવારે અમદાવાદ અને વડોદરા ખાતે કેન્સર ફાઈટર્સ, વિનર્સ, કેરગિવર્સ અને જીવનના તમામ તબક્કાના લોકોને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની પ્રેરણા આપી રહ્યા છીએ, જે એવી વાત છે કે તેનાથી કેન્સરને દૂર કરી શકાય છે અને તેનાથી સ્વજનોને પણ તેનાથી થતી અસરોથી દૂર રાખી શકાય છે એવું સિદ્ધ થયું છે. આ રેસમાં કેન્સરના દર્દીઓ પણ દોડશે. રેસની ફીનો ઉપયોગ કેન્સર ચેરિટી માટે થશે. આ અંતર્ગત અમદાવાદમાં ધ ફર્ન હોટલ ખાતે ખાસ પ્રેસકોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. "કેન્સર દુનિયાભરમાં થતા મોતનું બીજું સૌથી મોટું કારણ છે. આ માત્ર શારીરિક રોગ નથી પણ તે સામાજિક અને સંવેદનાત્મક હાનિ પહોંચાડતો રોગ છે જે માત્ર દર્દીઓને જ નહીં પણ તેમના પરિવારોને પણ અસર કરે છે. કેન્સરનું નિદાન થયું હોય એવા લોકોમા અત્યંત તીવ્ર ઈમોશનલ રિસ્પોન્સ સર્જાય છે. લોકોને આઘાત લાગે છે, ગુસ્સો આવે છે અથવા આ વાત માનવા તૈયાર નથી. કેટલાકને અત્યંત દુઃખ થાય છે, ભય પામે છે. જ્યારે કેન્સર હોસ્પિટલ્સ અને ડોકટરો શારીરિક સ્થિતિ માટે સારવાર કરતા હોય છે પણ દર્દીઓને તેમની સાયકોલોજીકલ, સામાજિક અને આર્થિક સ્થિતિ અંગે કોઈ સહયોગ આપનાર હોતું નથી. કેન્સરના દર્દીઓને, વિનર્સ અને કેરગિવર્સને તેમની આ રોગ સામેની લડાઈમાં સાથ આપવો એ રન ટુ એડલાઈફનો મુખ્ય હેતુ, મિશન અને વિચાર છે."રન ટુ એડલાઈફ એ ભારતમાં આ બંને શહેરોમાં એકસાથે યોજાનારી એવી પ્રથમ દોડ છે જેમાં ૬૦૦૦થી વધુ લોકો એક જ દિવસે એક જ સમયે બંને શહેરોમાં દોડશે. મેડિકલ સમુદાયના લોકો, પ્રોફેશનલ્સ, સ્ટુડન્ટ્સ અને સમાજના દરેક ક્ષેત્રના લોકો તેમાં સામેલ થશે. આમ ગુજરાતના સૌથી વધુ સંપન્ન શહેરોના લોકો એકસાથે દોડશે કે જેથી તેઓ દુનિયાને જણાવી શકે કે કેન્સર સામેની લડતમાં કોઈ એકલું નથી.

## પા-પા પગલી વ્હાલની ઢગલી !

(આજનું લખાણ થોડુ વધુ જણાશે પરંતુ એમાં સહુની વ્યથા જરૂર વ્યક્ત થતી લાગશે.) બચપણ ! બનાવટ વગરની સજાવટ !! બાલ્યાવસ્થા આપણે ક્યારેય ભૂલી શકવાના નથી ! બાલ્યજીવનમાં કોઈ મિલાવટ કે દંભની જરૂર પડી જ નથી અને જરૂરીયાત ઉદ્દભવશે પણ નહીં !

એવું કોણ હશે કે જીવનમાં પપ્પા- મમ્મીની આંગળી પકડીને પા-પા પગલી માંડતા - ચાલતા શીખ્યું ન હોય ? સૌએ પોતાના સંતાનોને આંગળી આપીને પા-પા પગલી ચાલતા શીખવાડ્યું જ હોય ને !?

આપણે ભૂલકા કે ટેણી -મેણી હતા ત્યારે સ્કૂલ-લાઈફ દરમિયાન નિઃસંકોચ ધમાલ-મસ્તી, ઉછળ-કૂદ કરતા, ઝાડ કે વંડી પરથી ભૂસકા મારતા, નિર્દોષ ઠઠ્ઠા-મશ્કરી કરતા, વેર-ઝેર રાખ્યા વિના કટ્ટી-બુચ્ચા કરતા, એક-મેકના ખભે ભરોસો રાખી ખો-ખો ને કબડ્ડી કે છૂદડ્ડી અને આંધળો પાટો / થપ્પો રમતા તેમજ નિસ્વાર્થ પરસ્પર ઉપયોગી બનવાની પ્રેમપૂર્ણ લાગણીઓ વરસાવતા ! ત્યારે મને - તમને કોઈએ નાત-જાત-વર્ણ-કોમવાદ શીખવેલુ !? રાષ્ટ્ર વિરોધી કે ગદ્દારી કરવા અથવા કોઈ કાન-ભંભેરણી કરતુ નહીં. ફલાણા / ઢીંકણી સાથે હસવા - બોલવાની કોઈ મનાઈ કરતુ નહીં. આપણા માવતર કે મોટેરા ક્યારેય કોઈ સંતાનોને દોડવા - ઠેકડા મારવા "ના" ન્હોતા કહેતા ! પડોશીઓ હંમેશા સદ્દભાવ ને સત્કાર્ય માટે પ્રેરક બની રહેતા. આજુબાજુના માહોલમાં સદૈવ સમતા ને સમભાવ બનાવવા પરોક્ષ રીતે સાદ સાંભળવા મળી રહેતો. કારણ કે એવા સમયમાં ઈર્ષા/રાગદ્વેષની પામર ભાવના કદાચ નહીંવત હશે.

આ બધુ કે'વાનો, સજાવવાનો નમ્ર પ્રયાસ એટલો જ કે, આપણા શૈશવકાળમાં જો ઉપરોક્ત મોકલાશ આપણે અનુભવી હોય, માણી હોય તો દરેક પાલકોએ પોતાના બાળકોને પણ ધીંગા-મસ્તી કરવાની સંપૂર્ણ ને બિનશરતી છૂટ આપવી તથા ટોકવા/ટપારવાનું બંધ કરવુ. આપણે સહુ દ્રષ્ટાઁતરૂપ વાતાવરણનું સર્જન કરીએ ! ખોટી દેખાદેખી છોડીને વ્હાલા દીકરા-દીકરી ઉપર મહત્વાકાંક્ષાનું ભારણ ન વધારીએ. અભ્યાસ મહત્વનો છે જ પણ માત્ર ભણતર ખાતર જ ઉગતા, પાંગરતા, ખીલતા ફૂલોને અકાલે મુરઝાવી ન દેવા. સંસ્કાર સિંચન ત્થા કોઠાસૂઝના ઘડતર માટે બાલકોને કુદરતના ખોલે, સહાધ્યાયીઓની સાથે તેમજ ગોઠીયાઓની સંગાથે વિહરવા દઈએ.

**વિકેશશાહ દાંતીવાડા**

## ખેલ દિગ્ગજો માને છે કે 'ગેમ ચેંજર' સાબિત થશે ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સ

ખેલ ઉપરાંત યુવા મામલોના મંત્રી (સ્વતંત્ર પ્રભાર) કર્નલ(રિટાયર્ડ) કર્નલ રાજ્યવર્ધન સિંહ રાઠોડ સાથે મંગળવારે મુલાકાત કરવાવાળા ટેલેન્ટ આડેંટિફિકેશન કમિટી (ટીઆઈડીસી) માં સામેલ ખેલ દિગ્ગજોએ મંગળવારે જણાવ્યું ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સમાં જમીની સ્તર પર પ્રતિભા શોધવા અને તેને નિખારની દિશામાં એક 'ગેમ ચેંજર' સાબિત થશે.ખેલ મંત્રી સાથે મુલાકાત કરવાવાળા બધા ખેલ દિગ્ગજોએ ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સમાં પહેલા સંસ્કરણને સફળતાના આધાર પર પૂરા માર્કસ આપ્યા અને એક સ્વરમાં મંત્રાલયના આ પ્રયાસની પ્રશંસા કરી.

ટીઆઈડીસીમાં ૭૦થી વધારે પૂર્વ અર્જુન પુરસ્કાર, દ્રોણાચાર્ય પુરસ્કાર અને ખેલ રત્નથી સન્માનિત દિગ્ગજ સામેલ છે. ખેલ મંત્રીની સાથે આ દિગ્ગજોની બેઠક ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સની શરૂઆત પછી સામે આવેલી પ્રતિભા પર ચર્ચા માટે આયોજિત કરવામાં આવી હતી. "ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સનો આઈડિયા પ્રતિભાશાળી ખેલાડીઓને નિયમિત પ્રતિસ્પર્ધામાં રેવાનો છે. આ સ્કુલ ગેમ્સથી કોલેજ ગેમ્સમાં આવશે અને ફરીથી એશિયાઈ ખેલો અને રાષ્ટ્રમંડળ ખેલોમાં ભાગ લીધા પછી અંતતઃદેશ માટે ઓલમ્પિકમાં સમ્માન મેળવવાનો પ્રયાસ કરશે."ખેલ મંત્રીએ આ દરમિયાન મીડિયાની સાથે પણ વાતચીત કરી.

મંત્રીએ કહ્યું, "અમે ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સના પહેલા સંસસ્કરણથી ૫૩૮ એથ્લીટોની પસંદગી કરશે અને તેમાં અન્ય ૪૬૨ એથ્લીટોને જોડશે. પરંતુ અમારા વિશેષજ્ઞ અને ટીઆઈડીસીના સદસ્ય કહે છે કે અમારા દેશમાં તેનાથી વધારે પ્રતિભા છે તો અમે આ સંખ્યાને વધારવા માટે પણ વિચાર કરી શકીએ છીએ. આ યુવાનો માટે શિક્ષા અને ખેલની સમાનાંતર વ્યવસ્થા કરવામાં આવશે."

ટીઆઈડીસીમાં સામેલ દિગ્ગજોમાં ૨૦૦૦માં ભારોત્તોલનનો કાંસ્ય જીતવાવાળા કર્ણણ મલ્લેશ્વરી, પૂર્વ વિશ્વ ચેમ્પિયન કુંજા રાની દેવી, હોકી સ્ટાર જગબીર સિંગ, ફુટબોલ સ્ટાર આઈએમ વિજયન, મુક્કેબાજી કોચ જીએસ સંધૂ, ઓલમ્પિક શૂટર માનસેર સિંહ અને બીજા કેટલાંક સામેલ હતાં. આ સલાહ પૂર્વ એથ્લીટ પીટી ઉષા, પહેલવાન સુશીલ કુમાર અને બીજા દિગ્ગજોએ ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સના પહેલાં સંસ્કરણમાં ભાગ લેનારા લોકોની પ્રતિભાને નજીકથી જોઈ.આ બધા દિગ્ગજો કેટલાંક દિવસ દિલ્લીમાં જ રહેશે અને વિભિન્ન ખેલો દરમિયાન પ્રતિભાઓ પર નજર રાખશે અને આના અંતમાં કમિટીને પોતાની સલાહ આપશે.

## વિકાસ જેવા વધુ પ્રવીણ બૉક્સરને હરાવવા તૈયાર છે મનદીપ જાન્ગ્રા

કોમનવેલ્થ રમતોત્સવનો ઉપરાઉપરી બીજા મેડલ જીતવાના પ્રયાસમાં મિડલવેઈટ વિભાગમાં પ્રવેશવા પોતાનું વજન વધાર્યા પછી અને ચંદ્રકોના મંચ પર બે વેળા પહોંચ્યા બાદ, મનદીપ જાન્ગ્રાનું કહેવું છે કે પોતે વિકાસ કિષ્ણન જેવા વધુ પ્રવીણ બૉક્સરને હરાવવા તૈયાર છે. ૨૦૧૪માં ગ્લાસગોવ ખાતેના કોમનવેલ્થ રમતોત્સવમાં વેલ્ટરવેઈટ (૬૯ કિલોગ્રામ)ની હરીફાઈમાં રજતચંદ્રક જીતેલ મનદીપ એપ્રિલમાં ગોલ્ડ કોસ્ટ ખાતેના રમતોત્સવમાં ૭૫ કિલોગ્રામના વિભાગમાં ભાગ લેનાર છે. પણ, તે માટે તેણે ઑલિમ્પિયન વિકાસને હરાવવાનો રહે છે જે એશિયાડનો ગોલ્ડ મેડલિસ્ટ હોવા ઉપરાંત, તેણે એશિયન ચેમ્પિયનશિપમાં અનેક ચંદ્રક તથા વર્લ્ડ ચેમ્પિયનશિપમાં કાંસ્યચંદ્રક જીત્યો છે. ૨૪ વર્ષના અર્જુન એવૉર્ડ વિજેતા મનદીપે તાજેતરમાં ઈન્ડિયા ઓપન સ્પર્ધામાં કાંસ્યચંદ્રક જીત્યો હતો, કે જેમાં હાથની ઈજાના કારણે વિકાસે ભાગ લીધો ન હતો.

ખેલફલક
જેમાં ક્રિકેટથી માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

## સેરેના વિલિયમ્સ ફેડરેશન કપ સ્પર્ધાથી કરશે કમબેક



ગયા વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનનો તાજ જીત્યા પછી કોઈ મુખ્ય સ્પર્ધામાં ભાગ ન લીધેલ સેરેના વિલિયમ્સ આવતા મહિને ફેડરેશન કપ સ્પર્ધામાં રમવા ટેનિસ કોર્ટમાં પાછી ફરશે, એમ યુ. એસ. ટેનિસ એસોસિયેશને જણાવ્યું હતું. સેરેનાએ ગયા જાન્યુઆરીમાં મેલબર્નમાં પોતાનો ૨૩મો ગ્રાન્ડ સ્લેમનો તાજ જીત્યો હતો ત્યારે તે ગર્ભવતી હતી અને તેણે ગયા સપ્ટેમ્બરમાં એલેક્સિસ ઓલિમ્પિયા નામની પુત્રીને જન્મ આપ્યો હતો તથા નવેમ્બરમાં લગ્ન કર્યા હતા.

ફેડરેશન કપનું ડિફેન્ડિંગ ચેમ્પિયન અમેરિકા ૧૦-૧૧ ફેબ્રુઆરીએ નેધરલેન્ડ્સ સામે પહેલા રાઉન્ડની મેચનું ઉત્તર કેરોલિના ખાતે ઈન્ડોર હાર્ડ-કોર્ટ પર આયોજન કરનાર છે. સેરેના જોડે અમેરિકાની ટીમમાં તેની બહેન અને સાત વાર ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન બની ચૂકેલ વીનસ પણ ભાગ લેનાર છે.



## ઈજાગ્રસ્ત નડાલ ત્રણ અઠવાડિયામાં ફરી રમતો થશે



વિશ્વના સર્વોચ્ચ ક્રમાંકિત રફેલ નડાલને અહીં ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસમાં પોતે હારેલી ક્વાર્ટર-ફાઈનલ મેચમાં રમતી વેળા તેના થાપાના સ્નાયુમાં થયેલી ઈજાના કારણે તે ત્રણ સપ્તાહ સુધી રમતમાંથી બાકાત રહેશે, એમ તેના કાર્યવાહકોએ કહ્યું હતું. ગ્રાન્ડ સ્લેમના ૧૬ તાજ જીતી ચૂકેલ નડાલ ક્રોએશિયાના તેના હરીફ ખેલાડી મેરિન સિલિક સામેની તે મેચમાં પાંચમાં સેટ દરમિયાન અધવચ્ચેથી નિવૃત્તિ લીધા પછી તેની પર મેલબર્નની હોસ્પિટલમાં સ્કેન કરવામાં આવ્યો હતો, જેમાં તેના જમણા થાપા પર ઈજા થયેલી માલૂમ પડી હતી, એમ એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

નડાલ સ્પેનમાં પાછો ફર્યા પછી થોડા દિવસ આરામ લઈ ફિઝિયોથેરાપી કરાવશે. નડાલના કાર્યવાહકોએ કહ્યું હતું કે તે ખેલાડી ત્રણ અઠવાડિયામાં સંપૂર્ણપણે સાજો બની જશે અને આવતા મહિનાથી ફરી રમવા લાગશે અને પોતે ઘડેલા કાર્યક્રમ પ્રમાણે એકેપુલ્કો, ઈન્ડિયન વેલ્સ અને મિયામિ ખાતેની સ્પર્ધાઓમાં ભાગ લેશે.

નડાલ જ્યારે સિલિક સામેની મેચની અધવચ્ચેથી ખસી ગયો હતો ત્યારે તે પાંચમાં સેટમાં ૦-૨ના સ્કોરથી પાછળ હતો. તેણે ખેલાડીઓને ઈજામાંથી બચાવવા માટે કાંઈ કરવાની આયોજકોને હાંકલ કરી હતી. એન્ડિ મરે અને કીઈ નિશીકોરી સ્પર્ધાની શરૂઆત પૂર્વે જ ખસી ગયા હતા અને નોવાક જોકોવિચે ગયા સોમવારે હારી જવા પહેલા ઝઝુમવું પડ્યું હતું. ઘણા ખેલાડીઓ ઈજા પામી રહ્યા છે અને આયોજકોએ આ દિશામાં કાંઈ ઘટતું કરવું જોઈએ, એમ તેણે કહ્યું હતું.

## ફેડરરે ઈતિહાસ સર્જ્યો : ૨૦ ગ્રાન્ડસ્લેમનો તાજ જીતી લીધો

**ટીમ સ્પીરીટ**

ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં સ્વિસ ખેલાડી રોજર ફેડરરે વધુ એક ઈતિહાસ સર્જ્યો હતો. ૩૬ વર્ષીય રોજર ફેડરરે ૨૦મી ગ્રાન્ડસ્લેમ જીતી લીધી હતી. ફાઈનલ મેચમાં છઠ્ઠા ક્રમાંકિત મારેન સિલિક ઉપર સીધા સેટોમાં ૬-૨, ૬-૩, ૬-૧થી જીત મેળવી હતી. આ વખતે ક્રોએશિયાના મારેન સિલિકે જોરદાર રમત રમીને ટેનિસ પ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું હતું. પ્રથમ ક્રમાંકિત નડાલ ઉપર ૨૯ વર્ષીય સિલિકે જીત મેળવીને ખળભળાટ મચાવ્યો હતો. પરંતુ આજે તેનો ફલોપ શો રહ્યો હતો. નડાલે વધુ એક ઈતિહાસ સર્જ્યો હતો. સીધા સેટોમાં જીત મેળવીને તે નડાલ અને બાર્ગના રેકોર્ડ સુધી પહોંચી ગયો છે. કોઈપણ સેટ ગુમાવ્યા વિના આ બંનેએ જીત



મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ ચાર ગ્રાન્ડસ્લેમ પૈકીની એક સ્પર્ધા છે. ઓસ્ટ્રેલિયન ઓપન દર વર્ષે મેલબોર્નમાં જાન્યુઆરીના પ્રથમ બે પખવાડિયામાં યોજાય છે. ૧૯૦૫માં ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓસ્ટ્રેલિયન ઓપનમાં પુરુષ, મહિલા સિંગલ્સની સ્પર્ધા, મિક્સ ડબલ્સની સ્પર્ધા, જુનિયર ચેમ્પિયનશીપ, વ્હીલચેર, પૂર્વ ખેલાડીઓની સ્પર્ધા યોજાય છે. ૧૯૮૮ પહેલા આ સ્પર્ધા ગ્રાસકોટ ઉપર રમાતી હતી પરંતુ ત્યારબાદ તેમાં સુધારો કરવામાં આવ્યો હતો. ૧૯૮૮ બાદ મેલબોર્ન પાર્કમાં બે પ્રકારની હાર્ડ કોટ સરફેસનો ઉપયોગ કરવામાં આવે છે.ઓસ્ટ્રેલિયન ઓપનમાં બે પ્રકારના ક્વોટ બનાવવામાં આવે છે. ઓસ્ટ્રેલિયન ઓપનનો ઈતિહાસ ખૂબ શાનદાર રહ્યો છે. ઓસ્ટ્રેલયન ઓપનમાં સૌથી વધારે ચેમ્પિયનશીપ જીતવાનો રેકોર્ડ રોય ઈમર્સને મેળવ્યો છે. ઈમર્સને છ વખત સિંગલ્સ સ્પર્ધા જીતી છે. મહિલા વર્ગમાં આ રેકોર્ડ માર્ગારેટ કોર્ટના નામે છે. માર્ગારેટ કોર્ટે ૧૧ વખત સિંગલ્સ સ્પર્ધા જીતી હતી.

**ફાઈનલમાં સિલિક ઉપર સીધા સેટોમાં જીત મેળવી ૩૬ વર્ષની વયે રોજર ફેડરરે સર્વોપરિતા પુરવાર કરી**

## સ્પોર્ટસ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

૧. આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં કઈ મહિલા ખેલાડીએ પહેલા જ રાઉન્ડમાં અમેરીકાની વિનસ વિલીયમ્સને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો ?

૨. હાલમાં જ ભારતના વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાં કેપ્ટન તરીકે ૮ મી વખત ૧૫૦ થી વધુ રન ફટકારીને કયા ખેલાડીની બરોબરી કરી હતી ?

૩.હાલમાં જ કયા ખેલાડીએ નવમી વખત નેશનલ બીલીયર્ડઝ ચેમ્પિયનશીપ જીતી હતી ?

૪. આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં કઈ મહિલા ખેલાડીએ સ્પેનની ગાર્બિન મુગુરૂઝાને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો ?

૫. હાલમાં જ આઈસીસી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માટે કયા ખેલાડીની પસંદગી 'ક્રિકેટર ઓફ ધ યર' તરીકે કરવામાં આવી હતી ?

૬. હાલમાં જ આઈસીસી દ્વારા કયા ખેલાડીની પસંદગી 'વન-ડે ક્રિકેટર ઓફ ધ યર' તરીકે કરવામાં આવી હતી ?

૭. હાલમાં જ આઈસીસી દ્વારા કયા ખેલાડીની પસંદગી 'ટેસ્ટ પ્લેયર ઓફ યર' તરીકે કરવામાં આવી હતી ?

૮. હાલમાં જ આઈસીસી દ્વારા કયા ખેલાડીની પસંદગી 'ટી-૨૦ પર્ફોમેન્સ ઓફ ધ યર' તરીકે કરવામાં આવી હતી ?

૯.હાલમાં જ આઈસીસી દ્વારા કયા ખેલાડીની પસંદગી ઈમેજીંગ પ્લેયર ઓફ ધ યર' તરીકે કરવામાં આવી હતી ?

૧૦. હાલમાં જ આઈસીસી દ્વારા કયા ખેલાડીની પસંદગી 'એસોસીએટ પ્લેયર ઓફ ધ યર' તરીકે કરવામાં આવી હતી ?

૧૧. હાલમાં જ આઈસીસી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માટે કયા અમ્પાયરને 'બેસ્ટ એમ્પાયર' જાહેર કર્યા હતા ?

૧૨. હાલમાં જ આઈસીસી દ્વારા જાહેર થયેલ બેસ્ટ ટીમના તેમજ વન-ડે ટીમના કેપ્ટન તરીકે કયા ખેલાડીની પસંદગી કરવામાં આવી હતી ?

૧૩. હાલમાં જ આઈસીસી દ્વારા ટેસ્ટ ટીમમાં વિરાટ કોહલી ઉપરાંત કયા બે ભારતીય ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

જવાબ :

૧. આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં સ્વિત્ઝરલેન્ડની ૨૦ વર્ષીય બેલીન્ડા બોન્ડીક નામની મહિલા ખેલાડીએ પહેલા જ રાઉન્ડમાં અમેરીકાની વિનસ વિલીયમ્સને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો.

૨. હાલમાં જ ભારતના વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાં કેપ્ટન તરીકે ૮ મી વખત ૧૫૦ થી વધુ રન ફટકારીને ઓસ્ટ્રેલિયાના ડોન બ્રેડમેન નામના ખેલાડીની બરોબરી કરી હતી.

૩.હાલમાં જ પંકજ અડવાણી નામના ખેલાડીએ નવમી વખત નેશનલ બીલીયર્ડઝ ચેમ્પિયનશીપ જીતી હતી.

૪. આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં તાઈવાનની હસીદે નામની મહિલા ખેલાડીએ સ્પેનની ગાર્બિન મુગુરૂઝાને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો.

૫. હાલમાં જ આઈસીસી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માટે ભારતના વિરાટ કોહલી નામના ખેલાડીની પસંદગી 'ક્રિકેટર ઓફ ધ યર' તરી-કે કરવામાં આવી હતી.

૬. હાલમાં જ આઈસીસી દ્વારા ભારતના વિરાટ કોહલી નામના ખેલાડીની પસંદગી 'વન-ડે ક્રિકેટર ઓફ ધ યર' તરીકે કરવામાં આવી હતી.

૭. હાલમાં જ આઈસીસી દ્વારા ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મીથ નામના ખેલાડીની પસંદગી 'ટેસ્ટ પ્લેયર ઓફ યર' તરીકે કરવામાં આવી હતી.

૮. હાલમાં જ આઈસીસી દ્વારા ભારતના યઝવેન્દ્ર ચહલ નામના ખેલાડીની પસંદગી 'ટી-૨૦ પર્ફોમેન્સ ઓફ ધ યર' તરીકે કરવામાં આવી હતી.

૯.હાલમાં જ આઈસીસી દ્વારા પાકિસ્તાનના હસન અલી નામના ખેલાડીની પસંદગી ઈમેજીંગ પ્લેયર ઓફ ધ યર' તરીકે કરવામાં આવી હતી.

૧૦. હાલમાં જ આઈસીસી દ્વારા અફઘાનીસ્તાનના રશીદ ખાન નામના ખેલાડીની પસંદગી 'એસોસીએટ પ્લેયર ઓફ ધ યર' તરીકે કરવામાં આવી હતી.

૧૧. હાલમાં જ આઈસીસી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માટે દક્ષિણ આફ્રિકાના માટાઈસ ઈરાસ્મુસ નામના અમ્પાયરને 'બેસ્ટ એમ્પાયર' જાહેર કર્યા હતા.

૧૨. હાલમાં જ આઈસીસી દ્વારા જાહેર થયેલ બેસ્ટ ટીમના તેમજ વન-ડે ટીમના કેપ્ટન તરીકે ભારતના વિરાટ કોહલી નામના ખેલાડીની પસંદગી કરવામાં આવી હતી.

૧૩. હાલમાં જ આઈસીસી દ્વારા ટેસ્ટ ટીમમાં વિરાટ કોહલી ઉપરાંત ચેતેશ્વર પુજારા અને આર. અશ્વિન એમ બે ભારતીય ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે

-ડો.પી.ડી.શર્મા (અમદાવાદ)

## મિતાલી રાજ: વન-ડે વુમન ક્રિકેટમાં સર્વાધિક રન બનાવનાર

**ખેલના મેદાનમાંથી** — કમલેશ કંસારા

ભારતીય મહિલા ક્રિકેટર મિથાલી રાજનો જન્મ ૩ ડીસેમ્બર ૧૯૮૨ ના રોજ જોધપુર ખાતે થયો હતો. મિથાલીરાજે પોતાની પ્રથમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ આર્યલેન્ડ વિરૂદ્ધ મિલ્ટન કૈંથસમાં ૨૬ જુન, ૧૯૯૯ ના રોજ રમી હતી. આ મેચમાં એણે આઉટ થયા વગર ૧૧૪ રન બનાવ્યા હતા અને પ્રથમ એક દિવસીય મેચમાં સદી નોંધાવનાર ત્રીજી બેટસમેન બની હતી. અત્યાર સુધી માત્ર પાંચ મહિલા ક્રિકેટરોએ એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની કેરીયરની પ્રથમ મેચમાં સદી નોંધાવવામાં સફળતા મેળવી છે.

મિથાલીરાજે પોતાના ૧૦૦૦ રન ૧૦ ડીસે. ૨૦૦૩ ના રોજ ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ બેંગલુરૂમાં ૫૯ રનની ઈનીંગ્સ દરમ્યાન પુરા કર્યા હતા. ૧૦૦૦ રન પુરા કરવાને માટે મિથાલીરાજે ૩૧ મેચોની ૨૯ ઈનીંગ્સમાં બેટીંગ કરી હતી. શ્રીલંકા વિરૂદ્ધ ૪ જાન્યુઆરી ૨૦૦૬ ના રોજ કરાંચીમાં રમાયેલ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં એણે અણનમ ૧૦૮ રન કર્યા હતા અને પોતાની કેરીયરના ૨૦૦૦ રન પુરા કર્યા હતા. મિથાલીરાજે ૨૦૦૦ રન પુરા કરવાને માટે ૬૬ મેચોની ૫૮ ઈનીંગ્સ બેટીંગ કરી હતી. પોતાની ૯૮ મી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચની ૮૮ ઈનીંગ્સમાં મિથાલી રાજે ૩૦૦૦ રન પુરા કર્યા હતા.શ્રીલંકા વિરૂદ્ધ કુરાનેગાલામાં ૧૧ મે, ૨૦૦૮ ના રોજ રમાયેલ એશિયાકપની મેચમાં ૪૪ રન દરમ્યાન આ સિદ્ધિ મેળવી હતી.

મિથાલીરાજે એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાના ૪૦૦૦ રન ૧૯ જાન્યુઆરી ૨૦૧૧ ના રોજ વેસ્ટ ઈન્ડિઝ વિરૂદ્ધ પોતાની ૨૨ રનની ઈનીંગ્સમાં પુરા કર્યા હતા. રાજ-કોટમાં રમાયેલ આ મેચ એની ૧૨૫ મી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ હતી.જેની ૧૧૨ મી ઈનીંગ્સમાં મિથાલીરાજે ૪૦૦૦ રન પુરા કર્યા હતા.

ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ ૬ જુલાઈ ૨૦૧૫ ના રોજ બેંગલુરુમાં રમાયેલ વન-ડે મેચમાં મિથાલીરાજે અણનમ ૮૧ રન બનાવ્યા હતા.આ ઈનીંગ્સ દરમ્યાન એણે પોતાના ૫૦૦૦ રન પુરા કર્યા હતા. જેમાં ૧૫૭ એક દિવસીય મેચની ૧૪૪ મી ઈનીંગ્સ હતી.

૧૨ જુલાઈ ૨૦૧૭ ના રોજ ઓસ્ટ્રેલિયા વિરુધ્ધ રમાયેલ બ્રિસ્ટલ મેચમાં પોતાની ૬૯ રનની ઈનીંગ્સમાં વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ૬૦૦૦ રન પુરા કરનાર એક માત્ર મહિલા ક્રિકેટર વિશ્વમાં બનેલ છે. આ પહેલા મહિલા એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન કરવાનો રેકોર્ડ ઈંગ્લેન્ડની ચેરલટ એડવર્ડસના નામે હતો. મિથાલી રાજે ૧૮૬ વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ૧૬૭ ઈનીંગ્સમાં ૬૦૦૦ રન પુરા કર્યા હતા. જમોડી બેટીંગ કરનાર મિથાલીરાજે ભારતમાં જે ૭૧ વન-ડે ઈન્ટરનેશનલ મેચ રમેલ એમાં ૬૫ ઈનીંગ્સમાં ૫૫.૩૦ ની એવરેજથી ૩ સદી અને ૧૫ અર્ધ શતક સાથે ૨૩૨૩ રન બનાવ્યા હતા. વિદેશમાં ૧૧૫ મેચોની ૧૦૨ ઈનીંગ્સમાં ૩ સદી અને ૩૪ અર્ધશતક સાથે ૪૯.૫૭ ની એવરેજથી ૩૮૬૭ રન બનાવ્યા છે.

એક કેપ્ટન તરીકે એનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. એક ખેલાડી તરીકે ૭૭ મેચમાં ૭૨ ઈનીંગ્સ રમીને ૨ સદી અને ૧૭ અર્ધશતકની મદદથી ૪૫.૨૦ ની એવરેજથી ૨૪૮૬ રન બનાવ્યા હતા. એક કેપ્ટન તરીકે મિથાલીરાજે ૧૦૯ મેચોની ૯૫ ઈનીંગ્સમાં ૪ સદી અને ૩૨ અર્ધશતકની મદદથી ૩૭૦૪ રન બનાવ્યા હતા.આ સૌ પ્રથમ ઘટના છે જેમાં એક મહિલા ક્રિકેટર અને પુરૂષ ક્રિકેટર દ્વારા વન-ડે ઈન્ટરનેશનલ મેચોમાં સર્વાધિક રન બનાવનાર ખેલાડીઓ ભારતીય છે.

જ્યારે ભારતીય મધ્યમ ગતિના બોલર તરીકે ઝુલન ગોસ્વામીએ અત્યાર સુધી ૧૬૪ મેચોમાં ૧૬૩ દાવમાં ૨૧.૯૫ ની એવરેજથી ૧૩૨૦.૫ ઓવરોમાં ૪૨૮૨ રન આપીને ૧૯૫ ખેલાડીઓને આઉટ કર્યા છે. આ સમયે તે મહિલા ક્રિકેટમાં સૌથી વધુ વિકેટો મેળવનાર એક માત્ર બોલર બનેલ છે. આ સૌ પ્રથમ ઘટના છે કે જ્યારે એક દિવસીય ક્રીકેટમાં સૌથી વધુ રન બનાવવાનો અને સૌથી વધુ વિકેટો લેવાનો રેકોર્ડ ભારતીય મહિલા ક્રિકેટર પાસે છે. -**કમલેશ કંસારા**

## શ્રેણીનો વિસ્તૃત કાર્યક્રમલાંબી શ્રેણીને લઈને રોમાંચકતા

૧૦મી ફેબ્રુઆરીના દિવસે જહોનિસબર્ગમાં ચોથી વનડે

૧૩મી ફેબ્રુઆરીના દિવસે પોર્ટએલિઝાબેથમાં પાંચમી વનડે

૧૬મી ફેબ્રુઆરીના દિવસે સેન્ચુરિયનમાં છઠ્ઠી વનડે

૧૮મી ફેબ્રુઆરીના દિવસે સાંજે જહોનિસબર્ગમાં પ્રથમ ટ્વેન્ટી

૨૧મી ફેબ્રુઆરીએ સેન્ચુરિયનમાં બીજી ટ્વેન્ટી

૨૪મી ફેબ્રુઆરીના દિવસે કેપટાઉનમાં ત્રીજી ટ્વેન્ટી

નોંધ : તમામ વનડે મેચોનું પ્રસારણ સાંજે ૪.૩૦ વાગ્યાથી અને ટ્વેન્ટી મેચોનું પ્રસારણ ૯.૩૦ વાગ્યાથી કરાશે

## કોહલીએ કેપ્ટન તરીકે સૌથી વધુ રન મામલે ધોનીનો રેકોર્ડ તોડ્યો

**ટર્નીંગ પોઈન્ટ**

કેપ્ટન તરીકે વિરાટ કોહલી દક્ષિણ આફ્રીકામાં ટીમને જીત તો ન અપાવી શક્યો, પરંતુ નવે રેકોર્ડ બનાવવામાં ચોક્કસ સફળ રહ્યો છે. જ્હોનિસબર્ગ ટેસ્ટના ત્રીજા દિવસે ૪૧ રનની ઈનિંગ રમીને વિરાટ કોહલીએ કેપ્ટન તરીકે સૌથી વધારે ટેસ્ટ રન બનાવવાનો મહેન્દ્ર સિંહ ધોનીનો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે.

વિરાટ પાછલા ૪ વર્ષોથી ટેસ્ટમાં ભારતનો કેપ્ટન છે. આટલા ઓછા સમયમાં તે ભારત માટે સૌથી વધારે રન બનાવનારો કેપ્ટન બની ગયો છે. આ મેચથી પહેલા ધોનીએ ટેસ્ટ ક્રિકેટમાં કેપ્ટન તરીકે ૩૪૫૪ રન બનાવ્યા હતા. કોહલીએ આજે ૪૧ રનની મદદથી કેપ્ટન તરીકે ૩૪૫૬ રન બનાવી લીધા છે.

વિરાટ કોહલીએ આ રન સૌથી ઝડપી બનાવ્યા છે. તેણે ધોનીથી આગળ નિકળવા માટે ૩૫ ટેસ્ટ અને ૫૭ ઈનિંગ્સ રમીને આ રેકોર્ડ તોડ્યો છે. વિરાટની પહેલા ધોનીએ ભારત માટે ૬૦ ટેસ્ટમાં કેપ્ટનશીપ કરી હતી અને ૯૬ ઈનિંગ્સ રમીને તેણે ૩૪૫૪ રન બનાવ્યા હતા. ધોની બાદ પૂર્વ દિગ્ગજ બેટ્સમેન સુનીલ ગાવસ્કરે ૩૪૪૯ રન અને મોહમ્મદ અઝહરુદ્દીને ૨૮૫૬ રન બનાવ્યા હતા.

ભારતના પૂર્વ કેપ્ટન સૌરભ ગાંગુલી આ લિસ્ટમાં ૫માં સ્થાન પર છે. તેણે કેપ્ટન તરીકે ૪૯ ટેસ્ટની ૭૫ ઈનિંગમાં ૨૫૬૦ રન બનાવ્યા હતા.

કેપ્ટન તરીકે ભારત તરફથી સર્વશ્રેષ્ઠ વ્યક્તિગત સ્કોર કે સૌથી વધારે સદી લગાવવાની વાત કરીએ તો તેમાં વિરાટ સૌથી આગળ છે.

વિરાટે કેપ્ટન તરીકે સર્વશ્રેષ્ઠ ૨૪૩ રન બનાવ્યા છે. આ ઉપરાંત તેણે કેપ્ટન તરીકે ભારત તરફથી સૌથી વધારે ૧૪ સદી ફટકારી છે. વિરાટ બાદ આ મામલામાં સુનિલ ગાવસ્કરનું નામ આવે છે. તેણે ૧૧ સદી ફટકારી છે.

## ઓસ્ટ્રે.ના ફાસ્ટ બોલર ડગ બોલિંજર ક્રિકેટમાંથી નિવૃત્તિ લેશે

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ડગ બોલિંજરે ૩૬ વર્ષની તેની ઉંમરે બધા પ્રકારની ક્રિકેટમાંથી પોતાની નિવૃત્તિની જાહેરાત કરી હતી.

બોલિંજરે ૨૦૦૯-૨૦૧૦ દરમિયાન ૧૨ ટેસ્ટ મેચમાં રમી વિકેટ દીઠ ૨૫.૯ રનની સરેરાશ સાથે કુલ ૫૦ વિકેટ ઝડપી હતી તથા ૩૯ વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ભાગ લઈ ૬૨ વિકેટ (સરેરાશ ૨૩.૯) મેળવી હતી.

ઓસ્ટ્રેલિયા વતી તે નવ ટ્વેન્ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં પણ રમ્યો હતો અને ન્યૂ સાઉથ વેલ્સ (એન. એસ. ડબ્લ્યુ.)ની ટીમ વતી ૧૨૪ પ્રથમ કક્ષાની મેચમાં ભાગ લીધો હતો. ડાબોડી બોલિંજરે વેસ્ટ ઈન્ડિઝ અને ન્યૂ ઝીલેન્ડ સામેની ટેસ્ટ મેચોમાં બે વાર દાવમાં પાંચ વિકેટ ઝડપવાની સિદ્ધિ મેળવી હતી અને તેનો શ્રેષ્ઠ બોલિંગ દેખાવ ૨૮ રનમાં પાંચ વિકેટનો રહે છે. પ્રથમ કક્ષાની ક્રિકેટમાં તેના નામે ૪૧૧ વિકેટ નોંધાયેલી છે અને ઓસ્ટ્રેલિયાની બિગ બેશ લીગ (બી. બી. એલ.) સ્પર્ધામાં આ વર્ષ સુધી રમ્યો હતો.

## યુવાઓની અસલી પરીક્ષા હવે શરૂ, સિનિયર લેવલે પ્રતિભા સાબિત કરવી પડશે: દ્રવિડ

અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં ચેમ્પિયન બની ટીમ ઈન્ડિયા પરત ફરી છે. તમામ ક્રિકેટરોનું ધામધુમથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ તકે ટીમના કોચ રાહુલ દ્રવિડ કહ્યું હતું કે ફાઈનલમાં હજુ પણ ધાર્યુ પરિણામ લાવી શકયા હોત. અમે ફાઈનલમાં નં.૧ જેવું રમી ન શકયા. અમે ફાઈનલમાં નં.૧ જેવું રમી ન શકયા.

મને મારા છોકરાઓ ઉપર ગર્વ છે. દ્રવિડે કહયું કે ૧૫-૧૬ મહિનાથી મારી ટીમ સખત પ્રેકટીસ કરી રહી હતી. ખેલાડીઓને વિકસીત કરવા યોજનાઓ બનાવી હતી. ખેલાડીઓની અસલી પરીક્ષા હવે શરૂ થશે. સિનિયર લેવલે પોતાની પ્રતિભા સાબિત કરવી પડશે. દરમિયાન યુવા ખેલાડીઓનું છત્રપતિ શિવાજી એરપોર્ટ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતના યુવા ખેલાડીઓએ ચોથી વખત વર્લ્ડકપ મેળવ્યો હતો.

## બ્રાયન લારાથી પણ કેપ્ટન વિરાટ કોહલી હવે આગળ

ભારતીય કેપ્ટન વિરાટ કોહલી બ્રાયન લારાને પાછળ છોડી દેવામાં સફળ રહ્યો છે. હાલમાં જ આફ્રિકા સામે પૂર્ણ થયેલી અંતિમ ટેસ્ટ મેચમાં ૧૨ પોઈન્ટ મેળવી લઈને ટેસ્ટ બેટ્સમેનોની સર્વકાલીન રેન્કિંગમાં તે વેસ્ટ ઈન્ડિઝના મહાન ખેલાડી બ્રાયન લારાને પાછળ છોડી દેવામાં તે સફળ સાબિત થઈ ગયો છે. કોહલીએ આફ્રિકાની સામે ત્રીજી અને અંતિમ ટેસ્ટની શરૂઆતમાં ૯૦૦ પોઈન્ટ મેળવી લીધા હતા. આ ટેસ્ટમાં તે ૫૪ અને ૪૧ રનની ઈનિગ્સ રમીને તે વધુ ૧૨ પોઈન્ટ હાંસલ કરવામાં સફળ રહ્યો હતો. આનો અર્થ એ થયો કે તેના હવે ૯૧૨ પોઈન્ટ થઈ ગયા છે. તે સર્વકાલીન યાદીમાં ૨૬માં સ્થાન પર પહોંચી ગયો છે. જેમાં મહાન ખેલાડી ડોન બ્રેડમેન ૯૬૧ પોઈન્ટ લઈને ટોપ પર રહ્યો છે. વર્તમાન સમયમાં નંબર એક ખેલાડી સ્ટીવ સ્મિથ ૯૪૭ પોઈન્ટની સાથે સર્વકાલીન ખેલાડીની યાદીમાં બીજા સ્થાને છે. કોહલીએ આ રીતે ૩૧માં સ્થાનથી કુદકો લગાવીને હવે તે ૨૬માં સ્થાને પહોંચી ગયો છે. તે લારાના ૯૧૧, કેવિન પીટરસનના ૯-૦, હાસીમ અમલાના ૯૦૦, શિવનારાયણના ૯૦૧ અને માઈકલ ક્લાર્કના ૯૦૦ પોઈન્ટ કરતા વધારે પોઈન્ટ ધરાવે છે. કોહલી હવે અન્ય ભારતીય ખેલાડી અને આઈસીસી ક્રિકેટ હોલ ઓફ ફેમ સુનિલ ગાવસ્કરના રેકોર્ડની નજીક પહોંચી ગયો છે. ગાવસ્કરે વર્ષ ૧૯૭૯માં ઈંગ્લેન્ડની સામે ધ ઓવલમાં ૯૧૬ પોઈન્ટ મેળવ્યા હતા.

વિરાટ કોહલીની પાસે જુનમાં અફઘાનિસ્તાનની સામે એકમાત્ર ટેસ્ટ અને ઈંગ્લેન્ડની સામે પાંચ ટેસ્ટ મેચોની શ્રેણમીમાં વધારે પોઈન્ટ મેળવી લેવાની તક રહેશે. વિરાટ યશકલગીમાં એક પછી એક સિદ્ધી મેળવી રહ્યો છે.

CMYK

## બનાસકાંઠા જિલ્લા...

પાના નં.૧ ચાલુ

બેઠકો માંથી છ કોંગ્રેસ પાસે હોઈ કોંગ્રેસ જિલ્લા પંચાયત અને ૧૪તાલુકા પંચાયત માં સત્તા પર આવે તેવી આશા વ્યક્ત કરી રહ્યા છે.

બનાસકાંઠામાં રાજકીય સમીકરણો દરેક ચૂંટણી માં બદલાતા રહે છે હાલ વાત કરીએ તો સાંસદ ભાજપ ના છે તો જિલ્લાના નવ ધારાસભ્યો માંથી ભાજપ પાસે માત્ર ત્રણ છે અને કોંગ્રેસ પાસે છ છે. જોકે આમ બનાસકાંઠા ની પ્રજા દરેક ચૂંટણી સમયે નેતાઓ મૂડ જોઈને મત આપે છે ત્યારે ફરી સ્થાનિક સ્વરાજ ની ચૂંટણીઓ માં જિલ્લા ની પ્રજા શુ કરશે તે બાબતે ઠાકોર સમાજ ના અગ્રણી અને વર્ષો થી રાજકિય કાવાદાવા જોનાર રાજકારણના સાક્ષી કહે છે આ ચૂંટણી માં ઉમેદવાર ની પસન્દ પર પ્રજા મત આપશે. જો જિલ્લા પંચાયત ની બેઠક માં લોકપ્રિય ઉમેદવાર હશે તો જિલ્લા બેઠક ની નીચે આવતી ત્રણ તાલુકા પંચાયત ના ઉમેદવાર ને ફાયદો થશે અને જિલ્લા ની સાથે તાલુકા માં પણ સતત જેતે પક્ષ મેળવી શકશે પરંતુ હજુ સુધી પક્ષએ મેન્ડેડ આપ્યા નથી જેથી લેવા ઉમેદવારને મેન્ડેડ આપે છે તે બાદ ખબર પડશે કે સત્તા પર કોણ આવશે.

હાલ બનાસકાંઠા જિલ્લા પંચાયતના ઉમેદવારો પોતાની ઉમેદવારી સાથે જીત ના દાવા કરી રહ્યા છે પરંતુ હવે પ્રજા વચ્ચે ક્યાં મુદ્દા લઈને જાય છે અને પ્રજા ને કેટલી વાત ગળે ઉતરી કોને સત્તા સોંપે છે તેતો આવનાર સમય એ જ ખબર પડશે.

## વડગામ તા.પં.માં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

રૂપાલ - ૧, નાંદોત્રા - ૩, છનિયાણા - ૨, કોદરામ - ૨, મેગાળ - ૧, પિલુચા - ૨, કરનાળા - ૨, વણસોલ - ૨, જલોત્રા - ૧, મુમનવાસ - ૧ કુલ પચાસ ઉમેદવારી ફોર્મ જયારે છાપી જિલ્લા પંચાયત - ૩, જલોત્રા જિલ્લા પંચાયત - ૩, મેમદપુર જિલ્લા પંચાયત - ૪, કાલેડા જિલ્લા પંચાયત - ૧ કુલ અગિયાર ઉમેદવારી ફોર્મ રજુ થયા હોવાનું ચૂંટણી શાખાના સૂત્રોએ જણાવ્યું હતું.

## વાવ - ૨ તા.પં....

અનુસંધાન ૩ નુ ચાલુ..

જયાબેન પરમારના પતિ લાલાભાઈ પરમાર વાવ ગ્રા.પં.ના વોર્ડ નં.૨ ના સદસ્ય છે. તેઓ વાવ શહેરમાં દરેક સમાજમાં આગવું પ્રભુત્વ ધરાવે છે. મહિલા ઉમેદવાર જયાબેન પરમારે ઉમેદવાર ફોર્મ રજુ કરતી વખતે પૂર્વ જિ.પં.સદસ્ય રામસીભાઈ વેણ, લાલાભાઈ પરમાર, નાથાભાઈ વેણ સહિત બહોળી સંખ્યામાં કોગ્રેસ અગ્રણીઓ અને કાર્યકર મિત્રો હાજર રહ્યા હતા.

## વાવની મોરીયા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જે પ્રસંગે મોરીયા સરપંચ રાયમલભાઈ પટેલ, ધનજીભાઈ પટેલ, ઉમાભાઈ ઠાકોર, ચૌધરી ઓબજી, ઠાકોર વજરામભાઈ, પટેલ સેંધાભાઈ (ધરાધરા) , પટેલ ભલાભાઈ, પટેલ ધનરાજભાઈ ગોસ્વામી હરદેવપુરી(ધરાધરા) દેસાઈ કરશનભાઈ, દેસાઈ રામસેંગભાઈ તેમજ દરેક સમાજના અગ્રણીમિત્રો હાજર રહ્યા હતા.

## વાવ જિ.પંચાયતના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ઉમેદવારીપત્ર રજુ કર્યા બાદ કાંનજીભાઈ રાજપુત તેમના સમર્થકો અને કાર્યકરો તેમજ ભાજપ અગ્રણીઓને મળ્યા હતા.

જે પ્રસંગે જિ.ભાજપ મહામંત્રી ઉમેદાનજી ગઢવી, બં.કાં જિ.યુવા ભાજપ મહામંત્રી રામસેંગભાઈ રાજપુત (કેશરકૃપા) વાવના પૂર્વ સરપંચ કે.ડી.રાઠોડ, હરિસિંહભાઈ વેંઝીયા, એડવોકેટ વિમલભાઈ વેણ, વણાજી સોલંકી (ચાંદરવા) , દાંનાભાઈ (વાવડી) આંબાભાઈ વેંઝીયા (પાડણ), સેંધાભાઈ (ધનાણા) તેમજ વિશાળ સંખ્યામાં પાર્ટીના કાર્યકરમિત્રો અને પત્રકાર મિત્રો હાજર રહ્યા હતા.

## બનાસ ડેરી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ રોગને આવતો અટકાવવા માટે સમયસર રસીકરણ જ એક માત્ર ઉપાય છે. આ બધા લક્ષણો જણાઈ આવે તો પશુ ચિકિત્સક અને પશુપાલન મિત્ર (બીજદાન કર્મચારી)નો તાત્કાલિક સંપર્ક કરવાથી પશુની સંભાળ માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

તાજેતરમાં જ વડગામ, સમશેરપુરા તથા છનીયાણા આસપાસના ગામમાં ખરવા મોવાસાનું રસીકરણ પૂરેપૂરું ન કરાવવાથી ખરવા-મોવાસાનો રોગ આવવાને કારણે તમામ પશુઓ નબળા પડી ગયા હતા, તેઓની રોગ પ્રતિકાર શક્તિ ઘટી જવાથી તથા તણાવને કારણે ગળસુંઢા તથા ચકરીનો રોગ પણ સાથે થવાને કારણે ૧૦ થી ૧૫ પશુઓ મરણ પામ્યા હતા. બહારથી વેચાવા આવતા પશુઓમાં રસીકરણ થયેલું ન હોય તેવા સંજોગોમાં પણ આ રોગચાળો થવાની શક્યતા રહેલી છે. અજાણ્યા પશુઓ ખરીદવા ન જોઈએ. ઘરે પાડી કે વાછરડી ઉછેરવાનું વધારે સારું છે.

બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ સંદેશો આપતાં જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લા તરફ વિશ્વની નજર છે. છેલ્લા કેટલાક વર્ષોથી બનાસકાંઠાએ વિકાસની હરણફાળ ભરી છે. આ જિલ્લો બટાટા, દાડમ, મગફળી ઉત્પાદનમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. બનાસકાંઠા માટે બનાસ ડેરી જીવાદોરી સમાન છે ત્યારે પશુનું આરોગ્ય ખૂબ જ મહત્વનું છે, જો પશુમાં કોઈ જાતનો ચેપી રોગ હશે નહી તો દૂધના જથ્થામાં અને દૂધની ગુણવત્તામાં સતત સુધારો થતો રહેશે. પશુઓમાં થતા વિષાણુ જન્ય ચેપીરોગ ખરવા-મોવાસા માટે વિના મૂલ્યે રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે તેને આવકારીને પશુમાં થતા ખરવા-મોવાસા જેવા ચેપી રોગ જડમૂળથી દૂર થાય તેવી દિશામાં સૌ સાથે મળી નક્કર કામ કરીએ.

## આધાર જમા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને ત્યારબાદ પણ જો આધારકાર્ડ જમા ના થાય તો વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવાની સૂચના આપવામાં આવી હતી. સાથે સાથે શિક્ષકોને પણ આધારકાર્ડ જમા કરાવવા ફરમાન કરવામાં આવ્યું હતું અને જો શિક્ષકો દ્વારા આધારકાર્ડ જમા ના કરાવાય તો શાળાની માન્યતા રદ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. આવા વિવાદીત નિર્ણયને પડકારતી નઝર મહંમદ પટેલ દ્વારા કરાયેલી રિટ અરજીમાં અદાલતનું ધ્યાન દોરાયું છે કે, આધારકાર્ડ આપવુ તે મરજિયાત છે, ફરજિયાત નહી ત્યારે સરકાર તેને ફરજિયાત બનાવી શકે નહી. ખુદ સુપ્રીમકોર્ટે આ મુદ્દે સંબંધિત રાહત આપી છે ત્યારે સરકારના સત્તાવાળાઓનો આવો વિવાદીત નિર્ણય સુપ્રીમકોર્ટના હુકમના ભંગ સમાન છે. અરજદાર પક્ષ તરફથી જો કોઇ વિદ્યાર્થી દ્વારા આધારકાર્ડ રજૂ ના કરાય તેવા કિસ્સામાં તેનું નામ શાળામાંથી કમી કરવામાં ના આવે અને તેને કોઇપણ પ્રકારે હેરાન કરવામાં ના આવે અને સાથે સાથે સત્તાવાળાઓના આ વિવાદીત નિર્ણયને રદબાતલ ઠરાવવા અરજીમાં દાદ માંગવામાં આવી હતી.

## મોદી ૧૬મીએ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ સંદર્ભમાં કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી પ્રકાશ જાવડેકરે આજે વિડિયો કોન્ફરન્સ દ્વારા દેશના રાજ્યોના શિક્ષણમંત્રીઓ સાથે સંવાદ કરીને વડાપ્રધાનના આગામી વિડિયો કોન્ફરન્સ કાર્યક્રમ સંબંધે વિગતો આપી હતી. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ વિડિયો દરમિયાન આ કાર્યક્રમ સંબંધે આનુષાંગિક તૈયારીઓ માટેની સજ્જતા પણ દર્શાવી હતી. ચુડાસમાએ આ જ વિષય પર ગત બે વર્ષ દરમિયાન પરીક્ષાઓની પૂર્વસંધ્યાએ કેટલાક કાર્યક્રમોનું આયોજન કરીને આ દિશામાં કરાયેલા પ્રયાસોની માહિતી જાવડેકરે આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પરીક્ષાઓના સમયે વિદ્યાર્થીઓમાં અનુભવાતી તાણના વિષયે એક્ઝામ વરિયર્સ શીર્ષક હેઠળ ૨૦૮ પાનાનું પુસ્તક લખ્યું છે. જેનું ગત જાન્યુઆરી મહિનામાં વિમોચન થયું હતું. આ પુસ્તકમાં આ વિષયની છણાવટ કરાઈ છે.

## કાંકરેજ તાલુકા...

પાના નં.૮ ચાલુ

૩૨ ફોર્મ રજુ થયા હતા આમ કુલ જિલ્લા પંચાયતના-૨૨ તાલુકા પંચાયત સીટોના-૬૫ એમ કુલ-૯૭ ફોર્મ ભરાયા હતા. જેમાં તેરવાડા સીટમાં રોળીયા તળાજી વઘાજી અને શિરવાડા સીટમાં જોષી કરશનભાઈ શંકરભાઈ તેમજ ચેખલા સીટ ઉપર રમજુબેન બલવંતજી દુધેચાએ ઉમેદવારી નોંધાવી હતી જયારે જિલ્લા પંચાયતમાં ઈશ્વરભાઈ જેઠાભાઈ ખટાણા અને સોલંકી કમુબા ગોપાળસિંહ સહિત કુલ-૯૭ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો રજુ કર્યા હતા જયારે શિહોરી-૨ માં ઠક્કર વિપુલકુમાર જયંતીલાલે અપક્ષ ઉમેદવારી નોધાવતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. જો કે નવા નિશાળીયાની સંખ્યામાં ઉમેદવારોનો ખુબ જ મોટી સંખ્યામાં વધારો જોતાં કાંકરેજ તાલુકામાં રાજકીય સમીકરણો બદલાતાં જોવા મળી રહ્યા છે એક બાજુ રતનપુરા (આરઆઈ) ના અરવિંદ ગોહિલે પણ ઉમેદવારી નોંધાવતા ભાજપ તરફી માહોલ જમાવટ માટે મથામણનો દોર શરૂ કરી દેવાયો છે પરંતુ હજુ સુધી ૯૭ ઉમેદવારોમાંથી એક પણ ઉમેદવારોએ મેન્ડેડ રજુ ન કરાતાં અનેક તર્ક-વિતર્ક અને ખેંચતાણ સામે મીટ માંડીને બેઠેલા ઉમેદવારો કેવો રંગ લાવશે તે જોવું રહ્યું આજે તા.૮/૨/૨૦૧૮ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હોવાથી વધુ ફોર્મ ભરાય તેવી પુરેપુરી શક્યતાઓને નકારી શકાય નહિ.

## રાધનપુર નગરપાલિકાની..

પાના નં.૮ ચાલુ

મુસ્લિમ, ઠાકોર અને દલિત મત કોંગ્રેસને ખોબલે-ખોબલે મળ્યા હોવાથી ત્રણ હજાર જેટલી જંગી લીડ શહેરમાંથી મળી હતી એ તો નિર્વિવાદ વાત છે. જેથી નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ એમ બંને પક્ષ દ્વારા ૫-૫ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ ફાળવીને ચૂંટણી જંગમાં ઉતારવામાં આવ્યા છે. આ ચૂંટણી જંગમાં ૨૮ બેઠકો માટે કુલ ૧૩ મુસ્લિમ ઉમેદવારો મેદાને જંગમાં છે. વોર્ડવાઇઝ ગણીએ તો વોર્ડ નંબર ૧ માં મુસ્લિમ બહુમતી હોવા છતાંય માત્ર એક જ મુસ્લિમ ઉમેદવાર રસુલખાન આલમખાન બલોચને ટિકિટ આપી છે, જયારે ભાજપે બે મુસ્લિમ ઉમેદવારો ઝરીનાબેન મુસ્તુફાભાઈ બલોચ અને મુઝમ્મિલહુસેન મુનવ્વરહુસેન ચૌહાણ (બાબુજી)ને ઉતાર્યા છે. વોર્ડ નંબર ૨ માં કોંગ્રેસે એક ઉમેદવાર સલીમભાઇ ઉસ્માનભાઈ પઠાણ અને ભાજપે પણ એક જ ઉમેદવાર ઐયુબમિયાં મેસનમીયા અરબને ટિકિટ ફાળવી છે. તો વોર્ડ નંબર ૩ માં કોંગ્રેસે એક ઉમેદવાર ઈમામભાઇ કાલુભાઈ સિપાઈને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. વોર્ડ નંબર ૫ માં કોંગ્રેસે બે ઉમેદવારો અહેમદભાઈ દાઉદભાઈ ઘાંચી અને સાકીનાબેન કાલુભાઈ ફકીરને તો ભાજપે એક ઉમેદવાર ઈમરાનભાઈ રેહમાનભાઈ ઘાંચીને ઉતાર્યા છે. વોર્ડ નંબર ૬ માં કોંગ્રેસે મુસ્લિમ ઉમેદવારને ટિકિટ ફાળવી નથી પરંતુ ભાજપે એક મુસ્લિમ ઉમેદવાર કુલસુમબેન સલુભાઈ ઘાંચીને ઉતારીને મુસ્લિમ સમાજના દિલ જીતવાની ખેવના રાખી છે. અન્ય ઉમેદવારોની વાત કરીએ તો આ ચૂંટણી જંગમાં કોંગ્રેસના દલિત મહિલા અગ્રણી સવિતાબેન વોર્ડ નંબર ૩ માંથી સામાન્ય સ્ત્રી બેઠક ઉપરથી પોતાનું ભાગ્ય અજમાવ્યું છે તો વોર્ડ નંબર ૫ માં અનુસૂચિત જનજાતિના રેખાબેન પ્રવીણભાઈ ભીલે પણ ભાજપમાંથી સામાન્ય સ્ત્રી બેઠક ઉપરથી પોતાનું ભાગ્ય અજમાવવાનો અખતરો કર્યો છે. આ ચૂંટણી જંગમાં અન્ય સમાજના ઉમેદવારોની વાત કરીએ તો નિરાશ્રીત ઠાકોર સમાજ સહીત ઠાકોર સમાજના ૧૧ ઉમેદવારો, ઠક્કર સમાજના ૧૦, દલિત સમાજના ૭, બ્રાહ્મણ સમાજના ૩, ભીલ સમાજના ૩, દેવીપૂજક સમાજના ૩ સહીત ભરવાડ, આયર, વાણીયા, નાઈ, ભોજક, ચૌધરી, પંચાલ, દરબાર, સાધુ, પટેલ સહીત સમાજના ઉમેદવારો મેદાને-જંગમાં છે.

## પાલનપુરમાં સરકારી..

પાના નં.૮ ચાલુ

વગરના તેમજ વાહનોના કાચ ઉપર કાળી પટ્ટી લગાવી ફરતાં સરકારી કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. જોરાવર પેલેસમાં કલેકટર કચેરી, કોર્ટ, મામલતદાર કચેરી, પ્રાંત કચેરી સહિત મોટા ભાગની સરકારી કચેરીઓ આવેલી છે. જ્યાં રોજના હજારો લોકો અવર-જવર કરતા હોય છે. જેથી લોકોમાં ટ્રાફિક નિયમ પ્રત્યે જાગૃતિ આવે તે માટે કલેકટર કચેરી તરફ હેલ્મેટ વગર આવતા ટુ વ્હીલર ચાલકોને પોલીસે દંડ ફટકાર્યો હતો. જયારે કાળા કાચ વાળી ગાડીના કાચની ફિલ્મ ઉતારી દંડ કરાયો હતો. જોકે આજે પોલીસે કોઈપણની શહે શરમ રાખ્યા વગર કાર્યવાહી કરતા પોલીસકર્મીઓ ,વકીલો સહિત અનેક કર્મચારીઓ અને લોકો દંડાયા હતા.

## પાલનપુરના દેવપુરા...

પાના નં.૮ ચાલુ

થયો હતો. જેમાં સ્કૂટીચાલક ૧૮ વર્ષીય યુવતી હિનાબેન કિશોરભાઈ રાવ રહે.સદરપુરને ઈજા થતા સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ માં ખસેડાઇ હતી.

## પાલનપુરની સરકારી...

પાના નં.૮ ચાલુ

બોર બનાવવામાં આવે તો મુશકેલીના સમયે કામ આવી શકે છે અને પાણીની વિકટ સમસ્યા હલ થઇ શકે તેમ છે. ત્યારે લોકોની વ્યથા સાંભળતા સરકારી બાબુ ઓની વ્યથા જિલ્લા પ્રશાશન સાંભળી ઘટતું કરે તેવી માંગ જોર પકડી રહી છે.

## ડીસાના ભોપાનગર..

પાના નં.૮ ચાલુ

એટીએમ નાંખવામાં આવે તેવી જનમાંગ છે.

ડીસા પાલિકામાં સામેલ ભોપાનગર તથા ગવાડી અદાજે ત્રીસ હજારથી વધુ જન સંખ્યા ધરાવે છે. લોકો વેપાર સાથે વધુ સંકળાયેલા હોવાથી પૈસાની લેવડ - દેવડ માટે એટીએમની જરૂ વધારે રહે છે. ત્યારે પૈસા ઉપાડવા તથા લેવા માટે રીક્ષા ભાડું ખર્ચીને સમય બગાડીને ડીસા સુધી લાંબા થવું પડે છે આ અંગે વેપારી ગુલામમબી મેમણે જણાવ્યું કે આ અંગે બેંકોમાં વારંવાર રજુઆત કરી પરંતુ કોઈ ધ્યાન આપવામાં આવતું નથી તો તાત્કાલિક બેંક મેનેજર દ્વારા સર્વે કરી રાજપુર, ભોપાનગર તથા ગવાડીમાં એટીએમ ખોલવામાં આવે તેવી માંગ કરી હતી.

## ડીસા સહિત..

પાના નં.૮ ચાલુ

સિઝન ભારે મુશ્કેલીથી વેઠવી પડી હતી ગાયોનું ઘણ (ટોળું) રાખતા ગોવાળો સહિત અન્ય પશુપાલકોએ શિયાળાની ઠંડીમાં કોલ્ડસ્ટોરેજમાં પડેલા બટાટાનો સુકા અને લીલાઘાસચારાના અભાવે ઉપયોગ કરી પશુઓને ખોરાક પૂરો પાડ્યો હતો. સુકાઘાસ ચારાની ઉભી થયેલી તંગીના પગલે પશુપાલકોની હાલત કફોડી બની જવા પામી છે બાજરી સહિત જારના પૂળાના અભાવના પગલે ઘાસચારાનો ઉંચો ભાવ જોવા મળી રહ્યો છે અનેક પશુપાલકો બહારથી ઘાસની ગાંસડીઓ પણ મંગાવી રહ્યા છે જિલ્લામાં ઘાસચારની તંગીના પગલે ઠેરઠેર ગાંસડીઓ સહિત અન્ય ઘાસચારો બહારથી લાવી વેચાણ પણ શરૂ કરાયું છે.

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૧ કી. |
| **ચાંદી ચોરસા ૩૯૫૦૦-૩૯૬૦૦** | ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | ચણાદાળ ૪૪૪ ૭૧૦૦ | ૫૦૦૦ |
| રૂપુ કાચું ૩૯૫૦૦-૩૯૬૦૦ | ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ |
| સોનુ તોલો ૩૦૭૦૦-૩૧૦૦૦ | ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | મગમોગર રીયલ ૮૦૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| **તેલ બજાર** | ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | **ખોળ બજાર ૯૫૦-૧૦૦૦** |
| **રાધે પામોલીન ૧૦૫૦** | ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | મગ ૫૭૦૦ | દાણ ૭૦ કી.ગ્રા.૬૫૦ |
| પામોલીન ૧૦૪૦ | ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | અંગુર તુવેરદાળ ૭૬૦૦ | મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦ |
| સોયા રીફાઈન ૧૩૫૦ | ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | જીરાળુ ૧૭૪૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૬૦ | ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦ |
| સીંગતેલ૧૫ કી. ૧૫૮૦ | દુન પ્રીમીયમ ૯૦૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૫૧૦ | દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦ |
| સીગતેલ ૫ લી. ૫૦૦ | દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | **પરચુરણ** |
| તિરૂપતી કપા. ૧૨૬૦ | નર્મદા મગ પોલીસ ૫૯૫૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | સોજી ૭૦૦ |
| ૫ લીટર ૪૦૫ | મગદાળ નર્મદા સુપર ૬૦૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | મેંદો ૬૮૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૬૦ | નર્મદા મગ મોગર ૬૬૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | નિરમા સાબુ૫૨૫ |
| ૫ કે. કોપરેલ૧૧૨૦ | નર્મદા અડદદાળ ૬૦૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| પલી. અંકુર સીંગતેલ ૪૮૫ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | અજમો ૧૪૦-૧૭૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૨૫૦** | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | **ખાંડ બજાર** (બોરીના ભાવ) | સાકરીયા ૩૮૦૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | **ખાંડ એસ. ૩૩૦૦-૩૪૦૦** | ખાંડ બુરૂ ૪૦૦૦ |
| ૫ લી. ૫૨૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | **ખાંડ એમ. ૩૪૫૦-૩૫૦૦** | કોકમ ફુલ ૧૮૦ |
| ૨ લી. ૧૯૮ | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | ખાંડએલ. ૩૫૦૦ | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| **ચોખા-દાળ બજાર** (૧૦૦ કીલોના ભાવ) | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | **ચા-બજાર** | મોરૈયો ૬૫-૮૦ |
| કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦ | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | તલ ૯૦-૧૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | **આખા મરચાં-હળદર** | સીંગદાણા ૬૫-૮૦ |
| કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦ | દુધી ૧૨૦-૧૬૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | હળદર આખી સેલમ ૯૦ | સુકી ડુંગળી ૪૪૦-૫૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | લસણ ૩૦૦-૫૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦ | હેરીટેજ તીબાર ૮૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | ધાણા ૨૦૦-૨૪૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦ | હેરીટેજ દુબાર ૬૨૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | મરચાં ૪૦૦-૫૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦ | હેરીટેજ મીની દુબા ૫૦૦૦ | મરચા તેજા ૧૮૦૦ | લીબુ ૩૦૦-૫૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦ | કાયનાત પોપુલર ૮૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | અડવી પત્તા ૨૦૦-૩૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦ | કાયનાત સુપર ૮૧૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | આદુ ૬૦૦-૭૦૦ |
| દાવત સ્પેસીયલ ૭૮૦૦ | કાયનાત ૬૮૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | રીંગણ ૨૪૦-૩૦૦ |
| દાવત ૭૭૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | કાશ્મીરી ૯૦ | ટામેટા ૧૦૦-૧૪૦ |
| દાવત તીબાર ૭૭૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | ભીંડા ૮૦૦-૯૦૦ |
| દાવત દિલખુશ ૭૮૦૦ | પરી નં.૧ ૯૨૦૦ | સુપર પટની ૧૦૫ | કોબી ૧૮૦-૨૪૦ |
| દાવત રોજાના ૬૮૦૦ | પરી નં. ૭ તીબાર ૮૨૦૦ | સુપર રજવાડી ૧૯૦ | વટાણા ૪૦૦-૫૦૦ |
| દાવત મોગરા ૪૮૦૦ | પરી સુપર દુબાર ૭૪૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | ટીંડસા ૫૦૦-૬૦૦ |
| દાવત મીની મોગરા ૪૦૦૦ | કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦ | મરચાં ૫૮૦૦ | ગવાર ૮૦૦-૧૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | **ગોળ બજાર** | બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | સાંગા બટાકા ૧૨૦- ૧૮૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ | તુવેર ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | | વડેચા ૫ કી. ૪૮૦૦ | |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | | | |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦ | | | |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | | | |

# પુરુષ અને મહિલા ટી-૨૦ વર્લ્ડકપ ઓસ્ટ્રેલિયામાં યોજાશે

વર્ષ ૨૦૨૦માં રમાનાર ટી-૨૦ વર્લ્ડકપની યજમાની ઓસ્ટ્રેલિયાને મળી ગઈ છે. પુરુષ અને મહિલા ટી-૨૦ વર્લ્ડકપ આ વખતે ઓસ્ટ્રેલિયામાં જ યોજાશે. મહિલાઓની ટૂર્નામેન્ટ ૨૧ ફેબ્રુઆરીથી ૮ માર્ચ દરમિયાન રમાશે, જ્યારે પુરુષોના મુકાબલા ૧૮ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર દરમિયાન યોજાશે. પુરુષો અને મહિલાઓનો વિશ્વકપ એક જ વર્ષમાં એક જ દેશમાં પહેલી વાર રમાશે. ઓસ્ટ્રેલિયા પહેલી વાર ટી-૨૦ વિશ્વકપની યજમાની કરશે. વિશ્વકપમાં મહિલાઓમાં ૧૦ અને પુરુષોમાં ૧૬ દેશની ટીમ મેદાનમાં ઊતરશે. બંનેની ફાઈનલ મેચ મેલબોર્નમાં રમાશે.

# યુજવેન્દ્ર સામે આફ્રિકી બેટ્સમેનો ફલોપ રહ્યા

સેન્ચુરિયન ખાતે રમાયેલી બીજી વનડે મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને કચડી નાંખીને શાનદાર જીત મેળવી હતી. આફ્રિકાની ટીમ ભારતીય બોલરો સામે ટકી શકી ન હતી અને ૩૨.૨ ઓવરમાં જ માત્ર ૧૧૮ રનમાં પેવેલિયન ભેગી થઈ હતી. જવાબમાં ભારતીય ટીમે જોરદાર બેટિંગ કરીને ૨૦.૩ ઓવરમાં જ ચેમ્પિયનની જેમ બેટિંગ કરતા એક વિકેટે ૧૧૯ રન બનાવીને મેચ જીતી લીધી હતી. યુજવેન્દ્રની બોલિંગ સામે આફ્રિકન બેટ્સમેનો મેદાનમાં ટકી શક્યા ન હતા. તે પાંચ વિકેટ ઝડપવામાં સફળ રહ્યો હતો. યુજવેન્દ્રએ ડીકોક, ડ્યુમિની, ઝોન્ડા, મોરિશ, મોર્કેલની વિકેટ ઝડપી હતી. તેની શાદનાર બોલિંગના લીધે આફ્રિકન ટીમ માત્ર ૩૨.૨ ઓવર સુધી બેટિંગ કરી શકી હતી.મેન ઓફ દ મેચ તરીકે પસંદગી કરાઈ.

# હું દુનિયાની નં.-૧ ખેલાડી બનવા માંગુ છું : પીવી સિંધુ



ઓલમ્પિક સિલ્વર મેડલ વિજેતા પીવી સિંધુની નજર આગામી સત્રમાં દુનિયાની નંબર વન ખેલાડી બનવા પર ટકેલી છે. પરંતુ તેણે જણાવ્યુ કે, તે રેંકિંગને લઈ ચિંતા નથી અનુભવતી, કારણકે સતત સારા પ્રદર્શનથી તે ટોચનુ સ્થાન મેળવી લેશે. સિંધુએ હાલમાં સમાપ્ત થયેલ સત્રના બીજા હાફમાં આશરે બે મહિના માટે કરીયરની સર્વશ્રેષ્ઠ દુનિયાની બીજા નંબરનો રેન્ક મેળવી લીધો હતો. પીબીએલમાં ગત રાત્રે ચેન્નાઈ સ્મેશર્સને મુંબઈ રાકેટ્સ પર ૪-૩થી જીત અપાવનાર સિંધુએ જણાવ્યુ કે,હું આગામી સત્રમાં પોતાને દુનિયાની નંબર-૧ ખેલાડી તરીકે જોવા માંગુ છું. હું અત્યારે ત્રીજા સ્થાને છું અને એ ટૂર્નામેન્ટો પર નિર્ભર કરે છે, જો તમે સારુ પ્રદર્શન કરો છો તો તમને જાતે જ રેકીંગ મળી જશે. એટલે હું રેકીંગ વિશે વધુ નથી વિચારતી. હું મારા પ્રદર્શનથી ટોચનુ સ્થાન મેળવીને રહીશ. સિંધુએ જણાવ્યુ કે, મહિલા સિંગલ વર્ગમાં હવે વધુ લાંબા મુકાબલા રમાવા લાગ્યા છે.

# ઈન્ડોનેશિયા માસ્ટર્સની ફાઈનલમાં સાઈના નેહવાલની હાર




ભારતીય બેડમિન્ટન સ્ટાર સાઈના નેહવાલ ઈન્ડોનેશિયા માસ્ટર્સમાં સુવર્ણ પદક જીતી નથી શકી. મહિલા સિંગલ્સના ફાઈનલ મુકાબલામાં ચીની તાઈપેની તેદૂ જૂ યિંગે તેને ૨૧-૯, ૨૧-૧૩થી હરાવી છે.

એક વર્ષ પછી કોઈ આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટના ફાઈનલમાં પહોંચેલ સાઈના માટે આ વર્ષની શરૂવાત શાનદાર રહી હતી.

જ્યાં તેણે દુનિયાની ચોથા નંબરની ખેલાડી થાઈલેન્ડની રેચાનેક ઈંતાનોકને હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી દીધી હતી. દુનિયાની પૂર્વ નંબર એક ખિલાડી સાઈનાએ રેચોનોકને ૪૮ મિનિટમાં ૨૧-૧૯, ૨૧-૧૯થી હરાવી હતી. જો કે ચીની ખેલાડી સામે તે ટકી ન શકી અને તે હારી ગઈ.

નોંધનીય છે કે ભારતની બે બેડમિન્ટન કવીન પી.વી. સિંધુ અને સાયના નેહવાલ વચ્ચે ઈન્ડીનેશિયા માસ્ટર્સનું કવાર્ટર ફાઈનલ રમાઈ હતી. લંડન ઓલંપિકની બ્રોન્ઝ મેડલ વિજેતા અને રિયો ઓલંપિકમાં રજત મેડલ જીતનાર સિંધુએ ગુરૂવારે પોત-પોતાના બીજા મેચ જીતી કવાર્ટરફાઈનલમાં સ્થાન બનાવ્યું.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ..........................................